સુવિચાર

''આગળ વધવાવાળા કોઈને અટકાવતા નથી ને બીજાને અટકાવવાવાળા કદી આગળ વધતા નથી.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૧૧/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક સુદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૨૭૨


## ખેડૂતોનાં દેવા માફ કરવાની માંગ સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

# બગસરા અને વડિયામાં કોંગ્રેસ દ્વારા ''ખેતી બચાવો સત્યાગ્રહ'' યોજાયો

- વડિયા ખાતે મગફળી અને કપાસનાં બગડી ગયેલ જથ્થા સાથે રજૂઆત કરવામાં આવી
- ખેડૂતોનાં દેવા માફ કરવામાં ન આવે તો સરકારને સાફ કરવાનાં સુત્રોચ્ચાર
- બગસરા ખાતે પણ ભારે સુત્રોચ્ચાર સાથે આવેદનપત્ર પાઠવાયું
- કોંગ્રેસ દ્વારા પૂર્વ ધારાસભ્યો પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાતની આગેવાનીમાં દરેક તાલુકા મથકોએ સત્યાગ્રહનો પ્રારંભ




અમરેલી, તા. ૩

તાજેતરમાં કમોસમી વરસાદ (માવઠા) થી અમરેલી જિલ્લામાં ખેડૂતોને થયેલ વ્યાપક નુકશાન સામે વળતર નહી પરંતુ ખેડૂતોના દેવા માફ કરવા માટે તા. ૦૩/૧૧/૨૦૨૫ થી ખેતી બચાવો ''સત્યાગ્રહ'' ના મંડાણ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે આજ રોજ કુંકાવાવ–વડીયા તેમજ બગસરા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારામાં ખેડૂતો સાથે સંવાદ અને તેમની માંગણી અને લાગણી મુજબ ખેડૂતોનાં દેવા માફ માટે ધરણા કરવામાં આવેલ હતા જેમાં પૂર્વ ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી તથા પ્રતાપભાઈ દુધાત સત્યમભાઈ મકાણી બગસરાનાં અસરગ્રસ્ત ખેડૂતોને સહાય નહી. પરંતુ ખેડૂતોનાં દેવા માફ કરવામાં આવે અને ખેડૂતો ને તેમનો હક્ક મળે તે માટે ભાજપ સરકારને આડેહાથ લેવામાં આવેલ અને આ મહાનુભાવો દ્વારા ખેડૂતોને આશ્વાસન આપવામાં આવેલ હતું કે કોંગ્રેસ હમેશા દરેક વર્ગની સાથે છે અને ખંભે ખંભા મિલાવીને ન્યાય આપવવામાં કયારેય પાછી પાની નહી કરે, ત્યારે કુકાવાવ–વડીયા તાલુકામાંથી ખેડૂતો અને ખેડૂત આગેવાનો મોટી સંખ્યામાં આવેલ હતા અને કાર્યકર્તાઓમાં રવજીભાઈ પાનસુરીયા, જિલ્લા કિસાન કોંગ્રેસ પ્રમુખ સત્યમભાઈ મકાણી, કિસાન સંઘના પૂર્વપ્રમુખ સાંગાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,09,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૩/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


### પોટલુ બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર

# રાજુલામાંથી થોડા દિવસ પહેલા ગુમ થયેલ આધેડની હત્યા આડા સંબધનાં કારણે થયાનુ બહાર આવ્યુ

### આરોપીનાં પત્ની સાથે આડા સંબધ હોવાથી મોતને ભેટયા

અમરેલી, તા. ૩

રાજુલા ગામે આશરે ૨૫ દિવસ પહેલાં એક આધેડ ગુમ થયાનું રાજુલા પોલીસમાં જાહેર થતાં પોલીસે આધેડની શોધખોળ આદરી હતી. ત્યારે એક ઈસમ ઉપર શંકા જતાં તેમની આગવી ઢબે પોલીસે પુછપરછ કરતાં આરોપીએ વટાણા વેરી દઈ અને આ



યુવકની હત્યા કર્યાની કબુલાત આપતા પોલીસેએ જણાવેલ સ્થળે આરોપીએ બતાવેલી જગ્યાએથી પોટલું બાંધેલી હાલતમાં લાશ મળી આવી હતી, જેને બહાર કાઢી ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ માટે ભાવનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. રાજુલા પોલીસ સ્ટેશનમાં

અનુસંધાન પાના ૬ ઉપર


ધર્મજીવન હોસ્પિટલ
24/7
ફૂલ બોડી ચેકઅપ
સમય: સવારે 10 થી 12 | સાંજે 4 થી 6
બેઝીક પેકેજ — ફક્ત 500 Rs. — 27 પ્રકારના લોહી-પેશાબના રિપોર્ટ
સિલ્વર પેકેજ — ફક્ત 700 Rs. — 35 પ્રકારના લોહી-પેશાબના રિપોર્ટ
ગોલ્ડન પેકેજ — ફક્ત 1000 Rs. — 46 પ્રકારના લોહી-પેશાબના રિપોર્ટ
પ્લેટિનમ પેકેજ — ફક્ત 1150 Rs. — 46 પ્રકારના લોહી-પેશાબના રિપોર્ટ + હૃદયની તપાસ ECG + ડોક્ટર દ્વારા કન્સલ્ટેશન
875 875 4112/3310
શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી



naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ), રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ), રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨, રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com



નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીનાદાગીનાની ખરીદી કરો અને મેળવોલાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

### દલિત સમાજમાં ભારે આક્રોશ ઉભો થતા

# અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ વિરૂધ્ધ તાલુકા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાઈ

### દલિત સમાજનાં યુવકને ફોનમાં અપશબ્દો કહેતા ફરિયાદ

અમરેલી, તા ૩

અમરેલી તાલુકા ભાજપનાં પ્રમુખ ચેતન ધાનાણી વિરૂધ્ધ તાલુકા પોલીસ સ્ટેશનમાં દલિત સમાજના યુવક મહેશભાઈ માધડે ફરિયાદ નોંધાવેલ છે

ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તથા લાલાવદર ગામના લોકો સુરેન્દ્રનગર ખાતે સભામાં ગા હતા અને ત્યાથી પાછા આવતા હતા ત્યારે લાલવદર ગામના ચેતનભાઈ ધાનાણીને સારૂ નહિ લાગતા તેમણે ફરિયાદીના મોબાઈલમાં ફોન કરી ફરિયાદને જેમ ફાવે તેમ માં બેન સામે ગાળો આપી ફરિયાદી જ્ઞાતી પ્રત્યે અપશબ્દો બોલી હડધુત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનુ જણાવેલ છે.

### જનતાનાં પૈસાથી થતાં કાર્યોમાં દે ધનાધન

# જાફરાબાદમાં નવા બ્રિજમાં ગાબડા પડતા વાહન ચાલકોને વ્યાપક મુશ્કેલી

### માર્ગ-મકાન વિભાગ યોગ્ય કરે તેવી માંગ



અમરેલી, તા. ૩

જાફરાબાદનાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનેલ બ્રિજમાં ગાબડા પડતા વાહન ચાલકોમાં અકસ્માતનો ભય ભો થયો છે.

માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ કોઈ અકસ્માતની, ઘટના બને તે પહેલા બ્રિજની મરામત કરાવે તેવી માંગ વાહન ચાલકો કરી રહયા છે.

### કમોસમી વરસાદથી ગરીબ પરિવારો મુશ્કેલીમાં

# સાવરકુંડલા : સીમરણ ગામમાં કમોસમી વરસાદથી ત્રણ મકાનોને થયુ નુકસાન

### તલાટી મંત્રીએ સ્થળ પર રૂબરૂ જઈ રીપોર્ટ કર્યો

સાવરકુંડલા, તા. ૩

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા કમોસમી ભારે વરસાદના કારણે ખેડૂતો તથા માછીમારોને ભારે નુકસાન વેઠવું પડયું છે. ખેતરમાં ઉભેલા પાકો, ખાસ કરીને મગફળી અને કપાસ જેવા મુખ્ય પાકને મોટું નુકસાન થયું છે. સાથે સાથે માછીમારી ક્ષેત્રમાં પણ દરિયાઈ પ્રવૃત્તિઓ પર અસર જોવા મળી રહી છે. પરંતુ હવે ગ્રામ્ય વિસ્તારોમાં ઘરવખરીને પણ વરસાદે મોટું નુકસાન પહોંચાડયું છે.



આ જ સંદર્ભમાં સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામે કમોસમી વરસાદના પ્રકોપથી ત્રણ મકાનોને નુકસાન થવાની ઘટના સામે આવી છે. સ્થાનિક માહિતી મુજબ, ગામના ત્રણ અલગ અલગ પરિવારોના મકાનોની દીવાલો વરસાદના કારણે ધરાશાયી થઈ ગઈ હતી. પ્રથમ બનાવમાં પ્રાગજીભાઈ પોપટભાઈ ચોડવડીયાના વંડાની દીવાલ પડી જવાથી મકાનને નુકસાન થયું હતું. બીજા બનાવમાં લાલજીભાઈ માધાભાઈ ચોડવડીયાના ફરજાની દીવાલ ધરાશાયી થઈ હતી, જયારે ત્રીજા બનાવમાં ભીખાભાઈ માધાભાઈ કણેતના મકાનની દીવાલ પડી જવા પામી હતી.

સદનસી બે આ દુર્ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વરસાદના કારણે ગામના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ અને ભીંજાયેલા માળખાકીય ભાગોને લીધે અન્ય મકાનોમાં પણ નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક ગ્રામજનો દ્વારા તાત્કાલિક અહેવાલ ગ્રામ પંચાયત અને તલાટી કમ મંત્રીને પહોંચાડવામાં આવ્યો હતો.

તલાટી કમ મંત્રી દ્વારા ત્રણેય બનાવોની સ્થળ પર જઈ તપાસ કરીને નુકસાનીનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. અહેવાલ તાલુકા કચેરીમાં રજૂ કરવામાં આવ્યો છે, જેથી સંબંધિત પરિવારોને સહાય મળી શકે. વરસાદી તબાહી વચ્ચે સ્થાનિક લોકોમાં ભય અને ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે, કારણ કે આ વિસ્તારમાં આગામી દિવસોમાં ફરી વરસાદ પડવાની હવામાન વિભાગ દ્વારા શકયતા વ્યક્ત કરવામાં આવી છે.

સ્થાનિક પંચાયત દ્વારા ગ્રામજનોને સાવચેતી રાખવા અને નબળ ા મકાનોમાં રહેતા પરિવારોને તાત્કાલિક સલામત સ્થળે ખસવાની સલાહ આપવામાં આવી છે. કમોસમી વરસાદના આ અસરકારક તબક્કામાં સીમરણ ગામ પણ અમરેલી જિલ્લાના અન્ય વિસ્તારોની જેમ જ કુદરતી આફતના ફટકામાં આવી ગયું છે.

### ટાવર ચોકમાં આવેલ સમાધિ સ્થાને અનેક કાર્યક્રમો વચ્ચે

# અમરેલી ખાતે આસ્થાભેર સંત મુળદાસજીની જયંતીની ઉજવણી કરવામાં આવી

### ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ દ્વારા આરતી કરવામાં આવી



અમરેલી, તા. ૩

અમરેલી ખાતે સંત મુળ દાસજીની જન્મજયંતીની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

ટાવર ચોક નજીક ચૈતન્ય સમાધિ સ્થાન ખાતે સાંજે યોજાયેલ મહા આરતીમાં ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ રીઝવાના બુખારીએ જોડાઈને ધન્યતા અનુભવી હતી.

આ તકે એએચપીનાં અગ્રણી ડો. કિરીટ દેશાણીએ ડીસ્ટ્રીકટ જજને મુળદાસજીનાં પુસ્તક અર્પણ કરેલ આ તકે એડવોકેટ વિ.હિ.પ અગ્રણી ઈતેશ મહેતા સહિત સૌ જોડાયા હતા.

### શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનાં તબીબની ઉમદા કામગીરી

# સાવરકુંડલા : મહિલાની આંખની પાંપણમાંથી ૨૫૦થી વધુ જીવિત જંતુ તથા ૮૫થી વધુ ઈંડા બહાર કાઢવામાં આવ્યા

### છેલ્લા દોઢ મહિનાથી પિડા સહન કરતી મહિલાનાં દર્દમાં રાહત થઈ





સાવરકુંડલા, તા. ૩

શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે છેલ્લા ૪ વર્ષથી આંખનો (ઓપ્થાલ્મોલોજી) વિભાગ સફળતાપૂર્વક કાર્યરત છે.

અહી છેલ્લા એક વર્ષથી ઓપ્થાલ્મોલોજીસ્ટ ડોક્ટર તરીકે પોતાની સેવા આપતા ડો. મૃગાંક પટેલ કે જેઓ એક અનુભવી ઓપ્થાલ્મોલોજીસ્ટ છે અને ઘણા બધા જટિલ ઓપરેશન ખુબ જ સરળતાપૂર્વક કરી ચુકયા છે. અહી જટિલ મોતિયો, વેલ તથા આંખમાં છારી બાજી જવાના ઓપરેશન નિયમીત કરવામાં આવે છે.

આ વિભાગમાં તાજેતરમાં જ એક અનોખો અને રસપ્રદ કેસ આવ્યો કે જેમાં ૬૬ વર્ષીય મહિલા છેક સુરતથી આંખના વિભાગમાં બતાવવા માટે આવેલ કે જેમને છેલ્લા દોઢ મહિનાથી આંખની પાંપણમાં ખુબ જ દુ:ખતું હતું, ખૂબ ખંજવાળ આવતી હતી અને આંખ લાલ થયેલી હતી જેના લીધે તેઓને ઊંઘ પણ નહોતી આવતી. આ મહિલાએ સુરતમાં બે થી ત્રણ હોસ્પિટલોમાં બતાવેલ પરંતુ કોઈ ફરક પડયો ન હતો અને કોઈ ચોક્કસ નિદાન થયેલ નહિ. ડો. મૃગાંક પટેલ દ્વારા મહિલાની આંખની જીણવટપૂર્વક તપાસ કરતા જાણવા મળ્યું તે ખરેખર આશ્ચર્યજનક હતું. જેમાં મહિલાની આંખનીપાંપણમાં જીવિત જંતુ હતા એ પણ એક બે નહિ ઘણીબધી સંખ્યામાં...!!!

જે માટે ઓપરેશન કરી આ જંતુઓને તાત્કાલિક કાઢવા પડે તેમ હતા. ડો. પટેલે આ ઓપરેશન ઈન્જેકશન વિના ટીપા નાખીને અતિ–આધુનિક માઈક્રોસ્કોપ વડે ખૂબ ધીરજપૂર્વક દોઢ કલાક સુધી કર્યુ જે ખરેખર પ્રશંસનીય હતું. આ જટિલ ઓપરેશનમાં ડો. મૃગાંક પટેલ અને એમની ટીમની મહેનતથી મહિલાની બંને આંખની પાંપણમાંથી કુલ મળીને ૨૫૦ થી વધુ જીવિત જંતુ (માથાની જૂં) તથા ૮૫ થી વધુ ઈંડા કાઢવામાં આવ્યા (જે ફોટામાં એક સફેદ કાગળમાં દેખાઈ રહ્યા છે). આ જટિલ ઓપરેશન બાદ તુરંત જ મહિલાને ખૂબ રાહતનો અનુભવ થયો અને તરત જ રજા આપી દેવામાં આવી.

અતિ જટિલ સફળ ઓપરેશનના બીજા જ દિવસે મહિલાને ફરી જોવા માટે આંખની ઓપીડીમાં બતાવ્યું ત્યારે આંખ એકદમ ચોખ્ખી અને તંદુરસ્ત હતી. આ સફળ ઓપરેશન બાદ મહિલા તથા એમના પરિવારે અતિ મુશ્કિલ પરિસ્થિતિમાંથી રાહત મેળવી છે અને મહિલાને ઊંઘ પણ ખૂબ સરસ આવી ગઈ. મહિલાના પરિવારે ખૂબ આનંદિત થઈને આરોગ્ય મંદિર વિશે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે અહીંના ડોકટરો એ ખરેખર ઈર છે અને સંપૂર્ણ આરોગ્ય મંદિરને ખૂબ આશીર્વાદ આપ્યા તેવું આરોગ્ય મંદિરના સતત કાર્યશીલ મેડિકલ સુપ્રીટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયાની યાદીમાં જણાવવામાં આવ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે આજથી પાંચ મહિના પહેલા પણ એક આઠ વર્ષીય બાળકને આ પ્રકારની ફરિયાદ થયેલ અને આરોગ્ય મંદિરમાં ડોકટર મગન પટેલે તેમનું નિદાન કરી અને ૨૫ થી વધુ જુ કાઢીને ઓપરેશન કરેલ અને ૫ મહિના બાદ આ દ્વિતીય કેસ જેમાં ૨૫૦ થી વધુ જુ મહિલાને હતી તે બાબત ખરેખર સમગ્ર તબીબી જગતમાં કુતુહલનો વિષય છે અને બીજી બાજુ નાગરિકો માટે એક આરોગ્યસંભાળ વિશે જાગૃતિ માટેનો પણ આ વિષય છે.


# દામનગરમાં બિસ્માર માર્ગોની પાલિકાએ મરામત કરવા માંગ



દામનગર, તા. ૩

દામનગર શહેરમાંથી પસાર થતા જિલ્લા પંચાયત માર્ગ મકાન હસ્તકનો રસ્તો પાલિકાને નાહીત થયેલ હોય. લોકોને મામા કયાં સુધી બનાવશો? જિલ્લા પંચાયત હસ્તકના માર્ગનું શહેરી સંકુલમાં દેખરેખ કે રિપેરીગ કરવા જિલ્લા પંચાયતને પાલિકા તંત્રે રજુઆત કરી છે? લોકોને ઉલ્લુ બનતા સ્થાનિક નેતાઓને મૂર્ખ બનાવવાનું બંધ કરે દામનગર શહેરમાંથી પસાર થતા જિલ્લા પંચાયત માર્ગ મકાનના દામનગર બજરંગનગર સામેના રોડનું તાકીદે રિપેરીગ કરે તે જરૂરી રીબીન ડેવલોપમેન્ટ ૧૯૬૭ થી જિલ્લા પંચાયતને આબાદીત રૂરલ રસ્તાઓની દેખરેખ અને રિપેરીગ જિલ્લા પંચાયત કરે તે બરોબર પણ શહેરી સંકુલમાંથી પસાર થતા જિલ્લા પંચાયતના પાલિકા તંત્રને નાહીત થયેલ રસ્તા કોણ રીપેર કરશે? બેશર્મીની હદ કરતા પાલિકા તંત્ર દ્વારા બજરંગનગરનો રસ્તો તાકીદે રીપેર કરે લોકોને મામા બનાવવાનું બંધ કરે પેવર બ્લોકતો ગમે એની હદમાં નાખી દેતા પાલિકા તંત્રને બજરંગનગરના રસ્તા શુ વાંધો?

# અંટાળીયા મહાદેવ મંદિર ખાતે વિનામૂલ્યે નેત્રયજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૩

લીલીયા તાલુકાનાં અંટાળિયા મહાદેવ મંદિર ખાતે દર મહિનાના પ્રથમ રવિવારે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. આસપાસ ગામનાં લોકો આ કેમ્પનો લાભ લે છે. રવિવારનાં રોજ ૬૮ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. દાતાઓના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કીકી પ્રત્યારોપણ માટે આર્થિક સહયોગ ધોળકીયા ફાઉન્ડેશન નેત્રદાન લોક દ્રષ્ટિ થતું બેંક સુરત દ્વારા કીક પ્રત્યારોપણ સુરત હોસ્પિટલ થાય છે. દર મહિનાનાં પહેલા રવિવારે સમય સવારનાં ૯ થી ૧૨ સુધી રાખવામાં આવે છે.

### કથિક ઓડિયો કલીપ વાયરલ થવાથી

# અંતે અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીએ હોદ્દા પરથી રાજીનામું આપી દીધુ

### કાર્યક્રર્તા તરીકે પક્ષની કામગીરી કરતા રહેશે



અમરેલી, તા. ૩

અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીએ આજે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીને રાજીનામાનો પત્ર પાઠવી દીધેલ છે. જે મંજુર પણ કરી દેવામાં આવેલ છે.

રાજીનામા પત્રમાં જણાવેલ છે કે, મારા નામથી કથિત ઓડિયો કલીપ સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ છે. જેના કારણે પાર્ટી ઉપર આરોપો થઈ રહયા છે. જેથી પાર્ટીને મારા દ્વારા નુકસાન ન પહોંચે તે કારણોસર નૈતિકતાના ધોરણે તાલુકા ભાજપ પ્રમુખ પદેથી રાજીનામુ આપુ છું અને કાર્યકર્તા તરીકે પાર્ટીના હિતમાં તન, મનથી કામ કરતો રહીશ તેમ અંતમાં જણાવેલ છે.

### મુખ્યમંત્રીનાં ખેડૂતલક્ષી અભિગમને આવકારીને

# અમરેલી જિલ્લાનાં સત્તાપક્ષનાં જનપ્રતિનિધિઓએ નુકસાનીગ્રસ્ત ખેતરોની રૂબરૂ મુલાકાત લીધી

### રાજયમંત્રી વેકરીયા, ભાજપા પ્રમુખ અતુલ કાનાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા







અમરેલી, તા. ૩

ગુજરાતનાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં રાજયમાં થયેલાં કમોસમી વરસાદ અને વાતાવરણમાં આવેલાં અણધાર્યા ફેરફારને કારણે ખેતી પાકોને થયેલાં નુકશાન અંગે સંપૂર્ણ સંવેદનશીલતા દાખવીને ધરતીપુત્રોની આપદાના આ સમયે તેમની પડખે ઉભા રહેવાનાં દિશાનિર્દેશો આપ્યા છે.

રાજયમાં આ વર્ષે અસાધારણ સંજોગોમાં આ કમોસમી વરસાદ પડ્યો છે. તેનાં લીધે ખેડૂતોનાં ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે ત્યારે રાજય સરકાર સંપૂર્ણ કિસાન હિત લક્ષી અભિગમથી ખેડૂતોની સહાયતા માટેની નેમ રાખે છે.

એટલું જ નહિં, રાજયમાં પાછલાં બે દાયકાઓથી વધુના સમયમાં આવો કમોસમી વરસાદ થયો નથી તેવાં સંજોગોમાં આ વર્ષનાં આવાં વરસાદથી ખેડૂતોને જે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે તેની તાત્કાલિક સમીક્ષા કરીને ધરતીપુત્રોને ઉદારતમ મદદ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વની રાજય સરકાર સંપુર્ણ પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાક લેવાનાં સમયે અસર પડેલ કમોસમી વરસાદ તેમજ તેની વ્યાપકતા જોઈ, આવાં સંજોગો જવલ્લેજ ઉભાં થતાં હોય, ખાસ સંવેદનાથી રાજયનાં ખેડૂતોના હિતમાં પાકને થયેલાં નુકશાન અંગે અસરગ્રસ્ત વિસ્તારોમાં પચં રોજકામ કરી જરૂરી કાર્યવાહી કરી કોઈ ખેડૂતને અડચણ ન થાય તે રીતે ૩ દિવસમાં કામકાજ પુરૂ થાય અને તેનો અહેવાલ રાજય સરકારને તુરંત જ મોકલવામાં આવે તે માટે ચીફ સેક્રેટરી, એ.સી.એસ. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગને સુચના આપી હતી. જીલ્લા કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારી તેમજ જીલ્લા ખેતીવાડી અધિકારીને તુરંતમાં જાણ કરવા આદેશો આપ્યાં હતાં, જેથી ખેડૂતોને થયેલાં નુકશાન અંગે સહયોગ કરવામાં મદદરૂપ બની શકાય.

તેમણે કહ્યું કે, આ વિગતો જેટલી ઝડપથી મળી શકે તેટલી ઝડપથી સરકારને પહોંચાડીને ખેડૂતોને થયેલાં નુકસાન સામે રાજય સરકાર સહાયરૂપ થશે તેવો આપણો ધ્યેય છે.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં આ સંદર્ભમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને રાજયના જુદા–જુદા જિલ્લાઓમાં ખેતી પાકોને થયેલાં નુકશાનની સમીક્ષા સહિતની બાબતોને પ્રાથમિકતા આપવા આ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી આ બેઠકમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતાં અને સંબંધિત જિલ્લાઓના નુકશાનની વિગતો પુરી પાડી હતી.

રાજયનાં મુખ્ય સચિવ એમ.કે. દાસ, કૃષિવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી અંજુ શર્મા, મહેસુલ વિભાગનાં મુખ્ય સચિવ શ્રીમતી ડો. જયંતી રવી, નાણાં વિભાગનાં અગ્રસચિવ ટી. નટરાજન તથા મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ અને સચિવ ડો. વિક્રાંત પાંડે આ અગત્યની બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

કમોસમી વરસાદથી થયેલ નુકશાન અંતર્ગત અમરેલી જીલ્લામાં રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડિયા, હીરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવિયાએ જીલ્લાનાં વિવિધ વિસ્તારનાં ખેતરો અને ખેડૂતોની મુલાકાત કરી હતી.

જગતાત માટે આફતનાં સમયે રાજય સરકારનાં ઉદાર અભિગમ અને ઝડપથી સહાય ચૂકવવાના વલણની અમરેલી જીલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણીએ સરાહના કરી છે.

### કળિયુગમાં તસ્કરો મંદિરોને પણ છોડતા નથી

# લાઠીનાં અડતાલા અને સાવરકુંડલાના ભમ્મર ગામનાં મંદિરમાંથી ચોરી

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૩

લાઠી તાલુકા અડતાળા ગામે તથા સાવરકુંડલા તાલુકાના ભમ્મર ગામે આવેલ અલગ અલગ બે મંદિરોમાં કોઈ અજાણ્યો ચોર ઈસમે મંદિરમાં પ્રવેશ કરી રૂપિયા ૧.૯૩ લાખના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

લાઠી તાલુકા અડતાળા ગામે આવેલ બોડીયા હનુમાનજી આશ્રમમાં તા.૧/૧૧ ના ૧ વાગ્યાથી ૨/૧૫ વાગ્યા સુધીમા કોઈ અજાણ્યો ચોર ઈસમે હનુમાનજી આશ્રમમાં પ્રવેશ કરી મંદીરના ગર્ભગૃહના મેઈન દરવાજાનો નકુચો તોડી ગર્ભગૃહમાં પ્રવેશ કરી હનુમાનજીની મુર્તી ઉપર આવેલ ચાંદીનો મુગટ જેનું વજન આશરે એક કિલો જેની કિમત રૂપિયા ૫૮,૦૦૦ તથા ચાંદીનો હાર જેનું વજન આશરે ૨૦૦ ગ્રામ જેની કિમત રૂપિયા ૨૫,૦૦૦ તેમજ ચાંદીના નાના મોટા છત્તર નંગ–૧૧ જેનુ વજન આશરે ૨૫૦ ગ્રામ જેની કિમત રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ કિમત રૂપિયા ૯૮,૦૦૦ ની માલમત્તાની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જયારે બીજા બનાવમાં ગત તા.૩૦ ના રોજ સાંજે ૭ થી તા.૩૧ ના સવારે ૫/૩૦ વાગ્યાના દરમિયાન સાવરકુંડલા તાલુકાના ભમ્મર ગામે વિસોત માતાજીના મંદિરે કોઈ અજાણ્યો ચોર ઈસમ મંદિરના દરવાજા તથા ગર્ભદ્વારના તાળા તોડી મંદિરની અંદર પ્રવેશ કરીમાતાજીના માનતાના ચડાવેલ ચાંદીના આશરે સીત્તેરેક જેટલા છત્તર જેનું વજન આશરે એકાદ કિલો જેની આશરે કિંમત રૂ.૯૫,૦૦૦ ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### વિકસિત અને સમૃધ્ધ ગુજરાતનાં દાવાઓ વચ્ચે

# રાજુલા પંથકનાં મોટાભાગનાં માર્ગો ઉપર ખાડાઓનો દબદબો : વાહનચાલકો તોબા તોબા

## અમેરિકા જેવા માર્ગો બનાવવાનું આયોજન ખોવાયું



રાજુલા, તા. ૩

અમરેલી જિલ્લામાં દિવાળી પહેલા હિંડોરણાથી બાયપાસ રાજુલાથી સાવરકુંડલા સુધી માર્ગ મકાન વિભાગ દ્વારા છુટા છુટા મોટા ખાડાઓ ઉપર થિગડા બુરવા માટેની કામગીરી હાથ ધરી હતી. ત્યારબાદ છેલ્લા ૫ દિવસથી રાજુલા પંથકમાં ભારે વરસાદ પડવાના કારણે માર્ગો ઉપર રીતસર ધોવાણ થયું છે જેના કારણે વાહનચાલકો ત્રાહિમામ, પરેશાન હોવાથી તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે. ફરીવાર ૨૦૦ કરતા વધુ ખાડાઓ આ માર્ગો ઉપર પડયા હોવાથી સ્થિતિ દયનિય બની છે. રાજુલા, જાફરાબાદ, પીપાવાવ પોર્ટ સહિત ઉદ્યોગ ગૃહ સહિત તમામનો અમરેલી જિલ્લા મથકનો મુખ્ય માર્ગ હોવાથી હજારો વાહનો આ માર્ગો ઉપરથી પસાર થતા હોવાને કારણે સ્થિતિ અત્યંત ખરાબ બની હોવાથી લોકોએ તાત્કાલિક માર્ગોનું કામ શરૂ કરવા અથવા સમારકામ, ખાડા બુરવા માટેની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરે તેવી માંગ ઉઠાવી રહ્યા છે.

રાજુલા શહેરમાં ભારે વરસાદ પડવાના કારણે શહેરના જાફરાબાદ રોડ, બસ સ્ટેન્ડ રોડ, ટાવર રોડ, છતડીયા રોડ, ભેરાઈ રોડ, શહેરના મુખ્ય માર્ગો ઉપર ધોવાણ થવાના કારણે ખાડાઓથી બિસ્માર માર્ગો બન્યા હોવાથી લોકોમાં વધુ રોષ છે. જોકે આજે નગરપાલિકા દ્વારા રાજુલા શહેરના અતિ મોટા ખાડાઓ છે તે કેટલાક છુટા છવાયા બુરવામાં આવ્યા છે પરંતુ નાના ખાડાઓ ફરીવાર બુરવામાં આવે તેવી શહેરીજનોએ માંગ ઉઠાવી છે.

રાજુલા પંથકમાં આવેલ તાલુકામાંથી જતા ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગે ભારે વરસાદના કારણે ધોવાણ થયું છે જેથી વાહન ચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તંત્ર માર્ગો અંગે સમીક્ષા કરી તાકીદે સમારકામ, ખાડા બુરવા વિવિધ કામગીરી શરૂ કરે તેવું લોકો ઈચ્છી રહ્યા છે અને માંગ ઉઠાવી રહ્યા છે.

રીક્ષા ચાલકએ કહ્યું રાજુલાથી આંબરડી બકાલુ ભરી જઈએ છીએ રસ્તા એટલા ખરાબ છે રીક્ષાને ખૂબ નુકસાન છે. દરોજ અહીંયાથી ચાલીએ છીએ આની સામે હવે તંત્ર જુવે તો સારૂં દુનિયાના ખાડા છે કયો ખાડો તારવવો કયો ખાડો ન તારવવો કંઈ ખબર પડતી નથી.

વાહન ચાલક મનીષભાઈ ત્રિવેદીએ એ જણાવેલ કે હું દરરોજ ગારીયાધાર અપડાઉન કરૂં છું કોઈ પ્રયાન નથી આપતું. રાજુલા બાયપાસ વાળો આખો રસ્તો ખરાબ છે હજારો ટ્રક ચાલે છે અમરેલી જિલ્લા કલેકટર સહિત કોઈ ધ્યાન નથી આપતું. વીજપડી રસ્તો પણ ખરાબ આવક જાવકમાં એક પણ રસ્તો સારો નથી ત્રણ ત્રણ કંપનીઓ આ વિસ્તારમાં હોવા છતાં કોઈ ધ્યાન નથી આપતું. રાજુલા–સાવરકુંડલા રોડ ઉપર ઠેર ઠેર ખાડા છે. દુધના વાહન ચાલક નિલેશભાઈએ કહ્યું દુધનો બોલેરો લઈ હું દરરોજ નિકળું છું દરરોજ અમારે દૂધ ધોળાય છે ગાડી ખાડાના કારણે ઉભી રાખવી પડે, આગળ પાછળ લેવી પડે હિંડોરણાથી રાજુલા બાયપાસ સાવરકુંડલા સુધી બહુ બધા દુધના વાહન ચાલકો પરેશાન થાય છે. ખાડામાં કેટલું પાણી ભર્યું હોય ખબર હોતી નથી અમારી ગાડીઓ અંદર ઘુસી જાય છે અમારી ગાડી બે વખત પલટી મારી જતા જતા રહી ગઈ ખાડા બુરો નહિતર અમે ધંધો બંધ કરી દઈએ.

આ મુદ્દે માર્ગ મકાન વિભાગના અધિકારી અભિજીતસિંહ ગોહિલનો સંપર્ક કરતા જણાવેલ રાજુલા–બાઢડા માર્ગનો ખાલી હવે વર્ક ઓડર દેવાનો બાકી છે અને બે ત્રણ દિવસ વરસાદ ન આવે તો પેચવર્કની કામગીરી શરૂ કરીશું.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

Hero
Bring Home Power, Style & Reliability WITH US
DESTINI
Navnit Hero — Near Gopi Cinema, Station Road, Amreli-365601

મિલકત તમારી, સુરક્ષા અમારી...
૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ...
રઘુવીર સિક્યુરીટી એજન્સી
જેન્ટસ સિક્યુરીટી, લેડીઝ સિક્યુરીટી, લેડીઝ-જેન્ટસ બાઉન્સર તેમજ ગનમેન
અમારી સુવિધાઓ : ઈવેન્ટ, લગ્ન પ્રસંગ, ફંકશન, ધાર્મિક કાર્યક્રમો, ભાગવત સપ્તાહ, સ્કુલ, હોસ્પિટલ, શો-રૂમ, હોટેલ, રીસોર્ટ, વોટરપાર્ક, ફેક્ટરી, V.I.P. બંગ્લોઝ, ૨૪ કલાક સિક્યુરીટી પ્રોવાઇડ કરી આપીશું.
ઓલ ગુજરાત સિક્યુરીટી પ્રોવાઇડ કરી આપીશું...
મો. ૯૪૨૬૩ ૧૩૦૪૧ ૯૧૦૬૦ ૧૫૦૬૧

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ – ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૬ ૫૨૧૦૪

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ,અમરેલી.

YAMAHA BOOK NOW TO AVOID FESTIVE RUSH
₹1,45,190 ₹1,33,132 + ₹12,058 + ₹6,501
FZ-S HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન — કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

MARUTI SUZUKI ARENA
BREZZA WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

HONDA
₹3500 કેશ ડિસ્કાઉન્ટ
Activa
Parikh Honda — Opp. Railway Station Road, Station Road, Amreli-365 601 (02792) 226201 / 226202

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ — કેશલેશની સગવડ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
સેલ્સ & સર્વિસ — ઉપલબ્ધ સુવિધાઓ — રેન્ટલ સર્વિસ
પ્રોજેક્ટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઇક સીસ્ટમ ઇન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
શૈલેષ ગોંઢા 90 812 34 307
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
ડૉ. કાજલ બગડા BAMS,MS.(Ayu.) કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
Sclero therapy મસાની સારવાર
Pilonidal sinus ની સારવાર
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણપરા હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી

### જયપુરમાં ડમ્પરે ૫૦થી વધુ લોકોને કચડ્યા

# જયપુરમાં ડમ્પરે અનેક ગાડીઓને ટક્કર મારતા ૧૪ લોકોના મોત

### મોતનો આંકડો હજુ વધે તેવી આશંકા : બેફામ ડમ્પર ચાલકે સૌથી પહેલા એક કારને ટક્કર મારી અને પછી અન્ય ગાડીઓને કચડતો ગયો હતો

જયપુર, તા.૩

રાજસ્થાનના જયપુરમાં ડમ્પરે અનેક ગાડીઓને ટક્કર મારતા ૧૪ લોકોના મોત થયા છે જ્યારે ૪૦ ઈજાગ્રસ્ત છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગંભીર ઈજાના કારણે મોતનો આંકડો હજુ પણ વધે તેવી આશંકા છે. સ્થાનિકોનો દાવો છે કે બેફામ ડમ્પર ચાલકે સૌથી પહેલા એક કારને ટક્કર મારી અને પછી અન્ય ગાડીઓને કચડતો ગયો. અકસ્માત એટલો ભીષણ હતો કે ડમ્પરના ૩૦થી ૪૦ ગાડીઓની એક બીજામાં ટક્કર થઈ. ડમ્પરની સામે જે આવ્યું તેને ટક્કર મારી અને આશરે ૫૦ લોકોને કચડી નાંખ્યા. ડ્રાઈવરે ચિક્કાર દારૂ પીધો હોવાનો પણ દાવો છે.અકસ્માત બાદ હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક ધોરણે પોલીસે કહ્યું છે કે ડમ્પર ચાલકે ૫થી વધુ ગાડીઓને ટક્કર મારી ૫૦ લોકોને કચડ્યાં છે, જેના કારણે ૧૪ લોકોના મોત થયાના અહેવાલ છે. કેટલાક લોકો ગાડીઓની નીચે દબાઈ ગયા હતા.

લોહા મંડી રોડ નંબર ૧૪ પર થયેલા આ અકસ્માત બાદ ગાડીઓના ફૂરચાં ઊડી ગયા હતા. અકસ્માત બપોરે ૧ વાગ્યાની આસપાસ થયો. ડમ્પર અનેક વાહનો અને માણસોને કચડતો ગયો પછી છેલ્લે મોટા ડિવાઈડર સાથે અથડાઈ ઊભો રહ્યો. ઘટના એટલી ઝડપથી બની કે લોકોને બચીને ભાગવાનો મોકો પણ ન મળ્યો. રસ્તા પર જ્યાં ત્યાં લોકોના મૃતદેહ વિખેરાઈ ગયા. અનેક લોકોના શરીરના અંગ પણ કપાઈને રસ્તા પર વિખેરાઈ ગયા હતા. ઈજાગ્રસ્તો રસ્તા પર મદદની માંગ સાથે તડપતાં હતા. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો પહોંચ્યા હતા ડમ્પરને હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. વાહનો ક્ષતિગ્રસ્ત થયા બાદ અનેક લોકો કારની અંદર જ ફસાઈ ગયા હતા. તેમને કટિંગ મશીનની મદદથી બહાર કાઢવામાં આવ્યા. હાલ તો પોલીસ મૃતકોની ઓળખ કરી તેમના પરિજનોને જાણ કરવાનો પ્રયાસ કરી રહી છે.

સ્થાનિકોમાંથી કેટલાકનો દાવો છે કે ડ્રાઈવર નશામાં હતો જ્યારે કેટલાકનો દાવો છે કે બ્રેક ફેઈલ થઈ હતી. સમગ્ર મામલે પોલીસ તપાસ બાદ જ સત્ય બહાર આવશે.તેલંગાણાના રંગારેડ્ડીમાં નેશનલ હાઈવે પર સોમવારે સવારે ડમ્પર અને બસ વચ્ચે ટક્કરમાં ૨૦ મુસાફરોએ જીવ ગુમાવ્યો હતો. બસ તંદૂરથી હૈદરાબાદ જઈ રહી છે જેમાં ૭૦થી વધુ મુસાફરો સવાર હતા. પ્રાથમિક માહિતી અનુસાર ડમ્પર ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં બસ સાથે ટક્કર થઈ હતી. ટક્કર બાદ બસના ફૂરચાં ઊડી ગયા હતા અને ડમ્પરમાં ભરવામાં આવેલી નીચે પડતાં કેટલાક લોકો તેમાં દટાઈ પણ ગયા હતા. આ ઘટનાથી સ્થાનિક રહેવાસીઓ રોષે ભરાયા છે અને ડમ્પર ચાલક અને માલિક બંને સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે. તેમના પ્રિયજનોના મૃત્યુના સમાચાર સાંભળીને પરિવારજનો ખૂબ જ દુઃખી થઈ ગયા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. બીજી તરફ રાજસ્થાનના ફલોદી જિલ્લામાં ભારતમાલા એક્સપ્રેસ પર રવિવારે રાત્રે ભીષણ અકસ્માતમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યો. જોધપુરના ૧૮ શ્રદ્ધાળુ બિકાનેરથી દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે ટેમ્પો ટ્રાવેલર રસ્તા પર ઊભેલી ટ્રકમાં ઘૂસી ગઈ હતી.

### બે ફાઇનલ હાર્યા પછી ત્રીજીમાં ચેમ્પિયન બની

# ભારતીય મહિલા ક્રિકેટરો પહેલી વાર વર્લ્ડ ચેમ્પિયન બની

### ભારતે બેટિંગ મળ્યા બાદ ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૯૮ રન કરીને સાઉથ આફ્રિકાને ૨૯૯ રનનો તોતિંગ તથા મુશ્કેલ લક્ષ્યાંક આપ્યો હતો

મુંબઈ, તા.૩

ભારતની મહિલા ક્રિકેટરોએ રવિવારે નવો ઈતિહાસ સર્જ્યો. તેમણે અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાને વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં બાવન રનથી હરાવીને ટાઈટલ જીતી લીધું હતું. ભારતીય મહિલા ક્રિકેટરો પહેલી જ વાર વર્લ્ડ કપ જીતી છે. અગાઉ બે વખત ૨૦૦૫માં અને ૨૦૧૭માં ફાઈનલમાં હારી ગયા બાદ ભારતે ત્રીજી વાર ફાઈનલમાં પ્રવેશ કર્યો અને સર્વોચ્ચ ટ્રોફી જીતી લીધી.ભારતના પુરુષોની વન-ડે ટીમે ૧૯૮૩માં કપિલ દેવના નેતૃત્વમાં પહેલી વર્લ્ડ કપ ટ્રોફી મેળવી હતી અને હવે હરમનપ્રીત કૌરે ભારતની મહિલા ક્રિકેટને આ અપ્રતિમ સિદ્ધિ અપાવી છે. ઘરઆંગણે આવેલી ટ્રોફીને ભારતીય ટીમે પોતાના કબજામાં કરી જ લીધી. હરમનપ્રીત, વાઈસ કૅપ્ટન સ્મૃતિ મંધાના સહિત તમામ ભારતીય ખેલાડીઓ ભાવુક થઈને રડી હતી, એકમેકને ભેટી હતી. બીજી તરફ, સાઉથ આફ્રિકાની પ્લેયર્સ પરાજયના આઘાતમાં હતાશ હતી.વરસાદના વિઘ્નોને કારણે લગભગ બે કલાક મોડી શરૂ થયેલી ફાઈનલમાં સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ભારતે ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૯૮ રન કર્યા હતા જેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ ૪૫.૩ ઓવરમાં ૨૪૬ રને ઑલઆઉટ થઈ હતી. સ્પિન-ઑલરાઉન્ડર દીપ્તિ શર્મા (૯.૩-૦-૩૯-૫) ફાઈનલની સુપરસ્ટાર બોલર હતી. બીજી બે સ્પિનર શેફાલી વર્માએ બે વિકેટ અને શ્રી ચરનીએ એક વિકેટ લીધી હતી.ભારતે બૅટિંગ મળ્યા બાદ ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૯૮ રન કરીને સાઉથ આફ્રિકાને ૨૯૯ રનનો તોતિંગ તથા મુશ્કેલ લક્ષ્યાંક આપ્યો હતો.

સાઉથ આફ્રિકાની કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટ સહિત કેટલીક ગણતરીની બૅટર્સને ભારતીય બોલર્સ કાબૂમાં રાખતાં ભારતીય મહિલાઓ માટે પહેલી વર્લ્ડ કપ ટ્રોફી જીતવી મુશ્કેલ કામ નહોતું એવું મનાતું હતું અને થયું પણ એવું જ. વિમેન ઈન બ્લૂ ટ્રોફી જીતીને રહી.ભારતના ૨૯૮ રનમાં ખાસ કરીને શેફાલી વર્મા (૮૭ રન, ૭૮ બૉલ, બે સિક્સર, સાત ફોર), દીપ્તિ શર્મા (૫૮ રન, ૫૮ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર), સ્મૃતિ મંધાના (૪૫ રન, ૫૮ બૉલ, આઠ ફોર) તેમ જ વિકેટકીપર રિચા ઘોષ (૩૪ રન, ૨૪ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ના યોગદાન હતા. જેમિમા રૉડ્રિગ્સે ૨૪ રન અને કૅપ્ટન હરમનપ્રીતે ૨૦ રન કર્યા હતા. પેસ બોલર આયાબૉન્ગા ખાકાએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.ઈંગ્લૅન્ડ સામેની સેમિ ફાઈનલમાં સેન્ચુરી (૧૬૯ રન) કરનાર કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટે રવિવારે લડાયક ઈનિંગ્સ (૧૦૧ રન, ૯૮ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)માં સદી ફટકારી ત્યારે સેલિબ્રેશન ટાળ્યું હતું, કારણકે તેની ટીમ હારી રહી હતી. છેવટે ૪૨મી ઓવરમાં વૉલ્વાર્ટે દીપ્તિ શર્માના બૉલમાં બિગ શૉટ માર્યો અને મિડ વિકેટ પરથી દોડી આવેલી અમનજોત કૌરે જગલિંગ ઍક્ટમાં (ત્રીજા અટેમ્પ્ટમાં) તેનો અફલાતૂન કૅચ ઝીલી લીધો હતો. એ સાથે ફાઈટિંગ સ્પિરિટ સાથે રમેલી ઓપનર વૉલ્વાર્ટની યાદગાર ઈનિંગ્સનો અંત આવ્યો હતો.

### પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી

# જુનાગઢ ભારતી આશ્રમના મહામંડલેશ્વર મહાદેવભારતી સુસાઇડ નોટ લખી લાપત્તા

### બે સેવક અને પરમેશ્વર ભારતી સહિતના લોકો પર માનસિક ટોર્ચર કરવાનો સુસાઇડ નોટમાં આરોપ

જુનાગઢ, તા.૩

જુનાગઢના ભવનાથ ક્ષેત્રમાં આવેલા ભારતી આશ્રમના લઘુમહંત ૧૦૦૮ મહામંડલેશ્વર મહાદેવભારતીજી આજે રવિવારે વહેલી સવારે પોણા ચાર વાગ્યે પાંચ પાનાની સુસાઈડ નોટ લખીને આશ્રમમાંથી ગુમ થયા છે. આ ઘટનાને પગલે ભવનાથ પોલીસ તેમજ જુનાગઢ પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા મહાદેવ ભારતી બાપુની સઘન શોધખોળ શરૂ કરવામાં આવી છે.ભવનાથ પોલીસ સ્ટેશનના પીઆઈ હુંબલે મીડિયાને જણાવ્યું હતું કે, વહેલી સવારે ભારતી આશ્રમના સંચાલકો દ્વારા મહાદેવભારતી બાપુ સુસાઈડ નોટ લખીને આશ્રમમાંથી નીકળી ગયાની જાણ ભવનાથ પોલીસને કરવામાં આવી છે. સુસાઈડ નોટમાં તેમણે કોઈ અંગત મનદુખ હોવાનું કારણ પણ જણાવ્યું છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.મહાદેવભારતીજી ગુમ થયા તે પહેલાં સુસાઈડ નોટ મૂકી ગયા છે, જેમાં તેમણે લખ્યું છે કે, આશ્રમમાં કામ માટે રાખેલા હિતેશ, કૃણાલ તેમજ પરમેશ્વર ભારતી મને ખૂબ જ માનસિક ટોર્ચરિંગ કરવા માંડ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી મારા પર માનસિક ટોર્ચરિંગ કરે છે, એમાં છેલ્લા પાંચ મહિનાથી તો ખૂબ જ વધી ગયું છે. આ લોકોના ત્રાસથી હું મારું જીવન પૂર્ણ કરવા જઈ રહ્યો છું. હું હવે આવા લોકોથી એટલો ત્રાસી ગયો છું કે, મને મરવા મજબૂર થવું પડ્યું છે. તેથી હું આજે ગિરનારના સાનિધ્યમાં જંગલમાં મારું જીવન પૂરું કરું છું.નોટમાં તેમણે એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે, 'મારું શરીર જીવતા તો કોઈને કામ આવ્યું હોય કે ના આવ્યું હોય, પણ મારા મર્યા પછી આ જીવન જંગલી પશુઓને કામ આવે. એટલા માટે હું જંગલમાં જઈ રહ્યો છું. કદાચ મારું શરીર હેમખેમ મળે તો, આ શરીરને સમાધિ ન આપતા અને દેહદાન કરી દેજો. કેમકે મારે આશ્રમમાં જમીન નથી રોકવી.'તેમણે ગુરુજી, પરિવાર અને સાથે જોડાયેલા સૌ લોકોની ક્ષમા માંગી છે અને જણાવ્યું છે કે, અમદાવાદના નિલેશભાઈ ડોડીયા તથા રોનક સોનીએ પણ તેમને માનસિક ત્રાસ આપ્યો છે. તેમણે દેશના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, અને ગૃહ મંત્રીને વિનંતી કરી છે કે, 'મારા આ કેસની વ્યવસ્થિત ઈન્ક્વાયરી થાય અને દોષિતોને સજા મળે, એવી હું આશા રાખું છું. મારી વિનંતી આપ જરૂર સ્વીકારજો.'આ સુસાઈડ નોટની નકલ ભારતી આશ્રમ જુનાગઢ, સતિષભાઈ ખરેડી, અતુલભાઈ મકવાણા, જયેશભાઈ કુબાવત, ભાવેશ લાખાણી, ચિરાગ પરમાર, બકાભાઈ અમેરિકા, મનોજ જોબનપુત્રા, રમેશભાઈ પંચાલ (જજ)ને મોકલવામાં આવી છે.નોંધનીય છે કે, મે ૨૦૨૨માં અમદાવાદના સરખેજ ભારતી આશ્રમના મહામંડલેશ્વર હરિહરાનંદ સ્વામી ગાયબ થયા હતા. હરિહરાનંદ વડોદરામાં રાકેશ નામના ભક્તને ત્યાં ગયા હતા. જે બાદ વડોદરા હાઈવે પર કપુરાઈ ચોકડી સુધી સ્વામીને તેઓ પરત મૂકી ગયા હતા. હનુમાન મંદિર નજીક રાકેશે કારથી હરિહરાનંદને છોડ્યા હતા. જે બાદ ખાસવાડી આશ્રમમાં કાળું નામના વ્યક્તિને ત્યાં જવાનું કહીને તે થયા ગુમ થયા હોવાની વાતો વહેતી થઈ હતી.જે બાદ વાડી પોલીસે પણ હરિહરાનંદ સ્વામીની તપાસ હાથ ધરી હતી. જોકે બે દિવસ બાદ એક હરિભક્તને મહારાષ્ટ્રના નાસિક વિસ્તારમાંથી હરિહરાનંદસ્વામી મળી આવ્યા હતા. તેમના ગુમ થવા પાછળનાં કારણોમાં આશ્રમની ૫૦૦ કરોડની મિલકતથી માંડીને સત્તાની સાઠમારીનો મુદ્દા સહિત બે મહિલાની બાબત ચર્ચાનો વિષય બની હતી.

### એક જ વર્ષમાં ટ્રોલિંગની ઘટનાઓ ૯૧ ટકા વધી : રિપોર્ટ

# અમેરિકામાં ટ્રમ્પના શાસનમાં ભારતીયો પર વંશીય હુમલા વધ્યા

### ટ્રમ્પના ભારત વિરોધી નિર્ણયોને કારણે ગોળીબાર અને મંદિરો પર હુમલામાં મોટો ઉછાળો આવ્યો હતો

વોશિંગ્ટન, તા.૩

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા તે બાદથી જ ભારતીયો પર હુમલા વધ્યા છે. ભારતીયો પ્રત્યે વંશીય દ્વેષ રાખીને હત્યાઓ, લૂંટ, મારપીટ સહિતની અનેક ઘટનાઓ સામે આવી ચુકી છે. ઓક્ટોબર ૨૦૨૫ સુધી ટ્રોલિંગના મામલાઓમાં ૯૧ ટકાનો વધારો થયો છે. એટલુ જ નહીં વિઝા અને માઈગ્રન્ટ્સ મામલાઓ પર ચર્ચા બાદ નોકરીઓ છીનવવાની ધમકીઓ પણ વધી છે. હેટ ક્રાઈમ અંગેના તાજેતરના રિપોર્ટમાં આ ખુલાસો થયો છે. ભારતીયોને ડિપોર્ટ કરવા, એચ-૧બી વિઝા ફી વધારવા સહિતના ટ્રમ્પના ભારત વિરોધી નિર્ણયોથી વંશીય હુમલામાં વધારોખુદ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એચ-૧બી વિઝાની ફી વધારીને અને ભારતીયોને પકડી પકડીને ડિપોર્ટ કરવાને પગલે અમેરિકનોને ભારતીયો પ્રત્યે ઉશ્કેર્યા અને વંશીય હુમલા વધવા લાગ્યા. અમેરિકામાં બાઈડેન કાર્યકાળમાં એશિયન નાગરિકો પ્રત્યે નફરત અને હિંસા સામાન્ય રહી જોકે જેવા ટ્રમ્પે સત્તા સંભાળી કે તરત જ ભારતીયો વિરુદ્ધ અમેરિકનો ભડકવા લાગ્યા. વંશીય હુમલા કે નિશાન બનાવવાની ઘટનાઓના આંકડા પર નજર કરીએ તો ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં ટ્રોલિંગના ૪૬૦૦૦ અને ધાક ધમકીઓના ૮૮૪ મામલા નોંધાયા હતા. બાદમાં ટ્રમ્પે સત્તા સંભાળતા જ આવી ઘટનાઓમાં મોટો ઉછાળો આવ્યો હતો. એટલે કે ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં ટ્રોલિંગના મામલા વધીને બમણા એટલે કે ૮૮૦૦૦ નોંધાયા હતા. વંશીય ભેદભાવની આ અસર સમગ્ર દક્ષિણ એશિયન નાગરિકો પર પડી રહી છે. સેન્ટર ફોર દ સ્ટડી ઓફ ઓર્ગેનાઈઝ્ડ હેટની રિપોર્ટ મુજબ ડિસેમ્બરમાં ટ્રમ્પ-મસ્ક-રામાસ્વામી ડિબેટ બાદ વિઝા અને અન્ય મામલાઓમાં વધારો થયો. ખાસ કરીને જે પણ ધાક ધમકીઓ મળી તેમાં ૭૬ ટકા તો નોકરીઓ છીનવી લેવા સાથે જોડાયેલી રહી. આ દરમિયાન ટ્રમ્પ પ્રશાસને એચ-૧બી વિઝાની ફી વધારવા અને ૧૦૪ ભારતીયોને ડિપોર્ટ કરવાના નિર્ણયે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું હતું. ટ્રમ્પના આ ભારત વિરોધી નિર્ણયોને કારણે ટેક્સાસ, વર્જીનિયા અને કેલિફોર્નિયામાં ગોળીબાર અને મંદિરો પર હુમલામાં મોટો ઉછાળો આવ્યો હતો. જ્યારે છેલ્લા કેટલાક મહિનાઓમાં વંશીય ભેદભાવને સમર્થન આપતી કે વધારો કરતી પોસ્ટ સોશિયલ મીડિયા પર બહુ જોવા મળી. જોકે આ ટ્રેન્ડ માત્ર ભારતીયો પુરતો જ સિમિત નથી, પરંતુ પુરા દક્ષિણ એશિયન સમુદાયને નિશાન બનાવવામાં આવ્યો હતો. જેનું એક કારણ અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયામાં વિદેશી નાગરિકો પ્રત્યે વધી રહેલી નફરત માનવામાં આવે છે. આ વંશીય ભેદભાવનો ટ્રેન્ડ હવે વિશ્વભરમાં વધી રહેલા જમણેરી રાજકારણનો પણ એક હિસ્સો માનવામાં આવે છે.

### ટ્રમ્પની ટેરિફ વોરની અસર

# ભારતની અમેરિકામાં નિકાસમાં ૩૭.૫ ટકાનો ઘટાડો નોંધાયો

### ભારતમાંથી ટેક્સટાઈલ, રત્નો, ઝવેરાત, કેમિકલ અને કૃષિ-ખાદ્ય પદાર્થોમાં સામૂહિક રીતે ૩૩ ટકા ઘટાડો થયો

નવી દિલ્હી, તા.૩

અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલા ટેરિફ વોરની અસર ભારતની નિકાસ પર પડી છે. જેમાં ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના પ્રકાશમાં આવેલા આંકડાઓ મુજબ મે અને સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતની અમેરિકામાં નિકાસમાં ૩૭.૫ ટકાનો ઘટાડો થયો છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો માનવામાં આવે છે.જેમાં અમેરિકાએ ટેરિફ વોરની શરુઆત કરતા એપ્રિલ ૨૦૨૫માં ભારતના સામાન પર ૧૦ ટકા ટેરિફ ઝીંક્યો હતો. જેને ઓગષ્ટમાં માસમાં વધારીને ૫૦ ટકા કરવામાં આવ્યો છે. જેના પગલે ભારતની અમેરિકામાં નિકાસ ૮.૮ બિલીયન ડોલરથી ઘટીને ૫.૫ બિલીયન ડોલર થઈ ગઈ છે. જે યુએસ બજારમાં ભારતની અત્યાર સુધીની સૌથી ઓછી નિકાસ છે.આ ઉપરાંત વધારેલા ટેરિફની સૌથી વધુ અસર ટેરિફ-મુક્ત માલ સામાન પર પડ્યો હતો. જેમાં ભારતથી યુએસમાં નિકાસ થતી ત્રીજા ભાગનો હિસ્સો ધરાવતી વસ્તુઓના નિકાસમાં ૪૭ ટકાનો ઘટાડો થયો છે. જે નિકાસ મે મહિનામાં ૩.૪ બિલીયન ડોલર હતી તે ઘટીને સપ્ટેમ્બર માસમાં ૧.૮ બિલીયન ડોલર થઈ ગઈ.જેમાં ભારતની સ્માર્ટફોન નિકાસમાં ૫૮ ટકાનો ઘટાડો થયો છે. નિકાસ મે મહિનામાં ૨.૨૯ બિલિયન ડોલરથી ઘટીને સપ્ટેમ્બરમાં માત્ર ૮૮૪.૬ મિલિયન ડોલર થઈ ગઈ છે.આ દરમિયાન, ફાર્માસ્યુટિકલ નિકાસમાં પણ ૧૫.૭ ટકાનો ઘટાડો થયો. દવાની નિકાસ ૭૪૫.૬ મિલિયન ડોલરથી ઘટીને ૬૨૮.૩ મિલિયન ડોલર થઈ ગઈ છે.ઈન્ડસ્ટ્રીયલ મેટલ અને ઓટો પાર્ટ્સની નિકાસમાં પણ ઘટાડો થયો છે. આ શ્રેણીમાં સરેરાશ ૧૬.૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો. એલ્યુમિનિયમ ૩૭ ટકા. તાંબામાં ૨૫ ટકા , ઓટો પાર્ટ્સમાં ૧૨ ટકા અને લોખંડ અને સ્ટીલની નિકાસમાં ૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.આ ઉપરાંત ભારતમાંથી ટેક્સટાઈલ, રત્નો, ઝવેરાત, કેમિકલ અને કૃષિ-ખાદ્ય પદાર્થોમાં સામૂહિક રીતે ૩૩ ટકા ઘટાડો થયો. ખાસ કરીને રત્નો અને ઝવેરાત ક્ષેત્રમાં ૬૦ ટકાનો મોટો ઘટાડો થયો. આ અહેવાલ અનુસાર આ ક્ષેત્રમાં નિકાસમાં ઘટાડાને કારણે થાઈલેન્ડ અને વિયેતનામ જેવા દેશોએ ભારતનો બજાર હિસ્સો છીનવી લેવાનું શરૂ કર્યું છે.

### રેલવેના કોચ એટેન્ડન્ટ પર શંકા

# ગુજરાતી આર્મી જવાનની ટ્રેનમાં હત્યાથી ચકચાર

### ગુજરાતના રહેવાસી ૨૭ વર્ષીય આર્મી સૈનિક જીગર કુમારની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી

બિકાનેર, તા.૩

ટ્રેન રાજસ્થાનના લુંકરનસર સ્ટેશનથી રવાના થયાના થોડા સમય પછી રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ આ ઘટના બની. ફિરોઝાબાદથી બિકાનેર જઈ રહેલા સૈનિક પર કોચ એટેન્ડન્ટ સાથે થયેલા નાના ઝઘડા બાદ અનેક વાર છરાના ઘા કરવામાં આવ્યા હતા. ઘાયલ સૈનિકને બીકાનેર પહોંચ્યા પછી પીબીએમ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં તેનું મોત થઈ ગયું હતું. જીઆરપી પોલીસે મૃતદેહને કસ્ટડીમાં લઈ લીધો છે અને તેને શબઘરમાં મૂકી દીધો છે. શંકાસ્પદ એટેન્ડન્ટની અટકાયત કરવામાં આવી છે અને પૂછપરછ કરવામાં આવી છે. રાત્રિના અંધારામાં સાબરમતી એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૨૪૧૫)ના સ્લીપર કોચ જી-૭માં એક વિવાદ હિંસામાં પરિણમ્યો. અહેવાલો અનુસાર, જીગર કુમાર ફિરોઝાબાદથી ટ્રેનમાં ચઢી ગયો હતો અને બિકાનેર ઘરે પરત ફરી રહ્યો હતો. લુંકરનસર સ્ટેશન પછી, તે અચાનક કોચના એટેન્ડન્ટ્સ સાથે દલીલમાં ઉતર્યો, કથિત રીતે બેઠક વ્યવસ્થાને લઈને. ગુસ્સે ભરાયેલા એટેન્ડન્ટ્સે સૈનિક પર અનેક વાર છરા માર્યા, જેનાથી તેને પેટ અને છાતીમાં ગંભીર ઈજા થઈ. સાથી મુસાફરો ચીસો પાડી રહ્યા હતા, પરંતુ ટ્રેનની ગતિને કારણે તાત્કાલિક મદદ મળી શકી નહીં. સૈનિક લોહીથી લથપથ કોચના ફ્લોર પર પડી ગયો. ટ્રેન બીકાનેર યાર્ડ પહોંચી ત્યારે જ્યાંએ મૃતદેહ બહાર કાઢ્યો હતો.મૃતકની ઓળખ જીગર કુમાર તરીકે થઈ છે, જે ગુજરાતનો ૨૭ વર્ષીય આર્મી સૈનિક હતો. તે ભારતીય સેનામાં તૈનાત હતો અને રજા પર ઘરે પરત ફરી રહ્યો હતો. પરિવારે જણાવ્યું હતું કે જીગર એક જવાબદાર સૈનિક હતો જેના લગ્નને ફક્ત બે વર્ષ થયા હતા. તેનો પરિવાર ગુજરાત છોડીને બિકાનેર ગયો છે. ઘટનાની માહિતી મળતાં જ સેનાના અધિકારીઓએ તપાસ ટીમ પણ મોકલી હતી. સૈનિકના મૃત્યુથી સેનામાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે અને વરિષ્ઠ અધિકારીઓએ પીડિત પરિવારને શક્ય તમામ સહાયની ખાતરી આપી છે.GRP પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને બે-ત્રણ શંકાસ્પદ કોચ સહાયકોની અટકાયત કરી. ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને કોચમાંથી લોહીના ડાઘ અને છરી મળી. GRP CI આનંદ ગિલે જણાવ્યું હતું કે, "ઘટના બાદ મુસાફરોના નિવેદનો નોંધવામાં આવી રહ્યા છે. સહાયકોની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે. પરિવાર અને સેનાના અધિકારીઓ બિકાનેર પહોંચ્યા પછી પોસ્ટમોર્ટમ અને વધુ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસે હત્યાનો કેસ નોંધ્યો છે અને તપાસ શરૂ કરી છે. પ્રાથમિક અહેવાલો પ્રાથમિક કારણ તરીકે વિવાદ સૂચવે છે, પરંતુ અન્ય સંભવિત કાવતરાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે.હત્યાના સમાચાર ફેલાતાં ટ્રેનમાં સેંકડો મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. ઘણી મહિલાઓ અને બાળકો આખી રાત જાગતા રહ્યા, જ્યારે કેટલાકે આગામી સ્ટેશન પર ઉતરવાનું નક્કી કર્યું. એક મુસાફરે કહ્યું કે, ચાલતી ટ્રેનમાં આવી ઘટના જોવી ભયાનક છે. રેલ્વેએ સુરક્ષા વધારવી જોઈએ. રેલ્વે અધિકારીઓએ કોચની તપાસ કરી અને મુસાફરોને આશ્વાસન આપ્યું. આ ઘટના રેલ મુસાફરીમાં વધતા ગુના દર, ખાસ કરીને સૈનિકોની સલામતી અંગે નવા પ્રશ્નો ઉભા કરે છે.

# ગોંડલમાં એક જ પ્લોટના ૨ દસ્તાવેજ કરી છેતરપિંડી આચરી

ગોંડલ, તા.૩

ગોંડલનાં વાછરા રોડ ઉપર આવેલ ખેતીની જમીન બીનખેતી થયાં બાદ વિ.કે.નગર નામ ઓળખ આપી પ્લોટો પાડી મામા ફોઈના સંતાનોએ કુલમુખત્યાર અને માલિક દરજ્જે એકજ પ્લોટનું બે વાર વેચાણ દસ્તાવેજ કરી આપતાં કરતુત બહાર આવ્યું હતું. જે અંગેની સીટી પોલીસ સ્ટેશનમાં લેખીત ફરિયાદ આપતાં તપાસનો ધમધમાટ શરૂ થવા પામ્યો છે.ગોંડલના ગુંદાળા ગામે રહેતા રંજનબેન રાજુભાઈ પાટડીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેના પિતા બચુભાઈ ગગજીભાઈ મકવાણાએ દેવરાજભાઈ પરબતભાઈ કાથરોટીયા પાસેથી તા.૧૯/૧૨/૨૦૦૦નાં રોજ વાછરા રોડ ઉપર આવેલ વિ.કે.નગરમા પ્લોટ ખરીદ કરેલ હતો. જે હયાત ન હોવાથી પ્લોટમાં વારસાઈ નોંધ કરવા માટે વિગત કઢાવતાં તેમાં અન્ય વ્યક્તિનું નામ આવતા એકજ પ્લોટનું બે વાર વેચાણ થયું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે મુળ માલિક સાથે સંપર્ક કરતાં તેણે કુલમુખત્યાર નામું બીજા વ્યક્તિને કરી આપ્યું હોવાનું જણાવ્યું હતું. જે બન્નેનો સંબંધ મામા ફોઈના હોવાથી મંડળી રચી કરતુત કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આમ ઉપરોકત જમીન દેવરાજભાઈ પરબતભાઈ કાથરોટીયા તથા જેઠાલાલ કરશનભાઈ તેમજ મહંમદઅલી અકબરઅલીએ ખરીદ કરેલ જે ખેતીની જમીન તા. ૪/૫/૯૯ ના રોજ બિનખેતી થતાં કુલ એકર ૪-૨૨ ગુઠાની બિનખેતીના પ્લોટ નં. ૬૯ ચો.મી ૧૨૨-૦૦ વાળો પ્લોટ મહિલાના પિતા બચુભાઈ ગગજીભાઈ મકવાણાએ દેવરાજભાઈ પરબતભાઈ કાથરોટીયા પાસેથી તા. ૧૯/૧૨/૨૦૦૦ ની સાલમાં ખરીદ કરી દસ્તાવેજ કર્યો હતો. જ્યારે આજે તેઓ હયાત ન હોવાથી વારસાઈ નોંધ કરવા માટે વિગત કઢાવતાં તેમાં તેના પિતાના નામ ની જગ્યાએ ગુણવંતભાઈ રાજાભાઈ કોટડીયાનું નામ નીકળતા વધુ તપાસ કરતા મુળ માલિક દેવરાજભાઈ પરબતભાઈ કાથરોટીયાએ કુલમુખત્યાર નામું મિતુલકુમાર કાન્તીલાલ કાલરીયાને કરી આપ્યું હતું.

# કરોડપતિ બનવા અંકલેશ્વરના ૧૧ વર્ષીય કિશોરે ઘર છોડ્યું

અંકલેશ્વર, તા.૩

કોન બનેગા કરોડપતિ માં ભાગ લઈ કરોડપતિ બનવા અંકલેશ્વરના ૧૧ વર્ષીય કિશોરે ઘર છોડ્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. છેલ્લા એક મહિનાથી કોન બનેગા કરોડપતિ જોઈ રહ્યો હતો.એક ગુજરાતી બાળક જીતતા તેને પણ ભાગ લેવા ની જીદ પકડી મુંબઈ જવા ઘર થી ભાગ્યો કે કોઈએ અપહરણ કર્યું હોવાનું પરિવાર નું અનુમાન છે. એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી હતી.વાલીઓ માટે લાલબત્તી જેવો કિસ્સો સામે આવ્યો છે. અંકલેશ્વર શહેરી વિસ્તારમાં સામે આવ્યો છે. એક ડ્રાઈવર ના ૧૧ વર્ષ અને ૯ મહિના દીકરા મોહિત છેલ્લા એક મહિનાથી ઘરે ટીવી માં કોણ બનેગા કરોડપતિ જોઈ રહ્યો હતો અને જે જોયા બાદ તેને તેમાં ભાગ લેવા ની જીદ પકડી હતી. અને કોણ બનેગા કરોડ પતિ માં ભાગ લઈ બધા સવાલ ના જવાબ આપી એક કરોડ રૂપિયા જીતશે તેમ પરિવાર માં જણાવી મુંબઈ જવા જીદ પકડી હતી. જે બાદ ગત રોજ ૩૧ ઓક્ટોબર ના સવારે વાગ્યા અડસ માં ઘરે સ્કૂલ બેગ માં પુસ્તકો મુકતા માતા એ જોયો હતો. જે બાદ સુઈ ને ઉઠતા ઘર માં મોહીત નજરે ના પડતા પરિવાર એ શોધખોળ શરૂ કરી હતી. સંબંધી તેમજ સ્ટેશન સહીત વિવિધ વિસ્તારમાં શોધવા છતાં ના મળી આવતાં અંતે અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે પુત્રના અપહરણ કે પછી કોણ બનેગા કરોડપતિ માં ભાગ લેવા માટે મુંબઈ જવા ઘર છોડ્યું હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે બાળકને અપહરણ અંગે નો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી હતી.

### મોટી સંખ્યામાં જાનહાનિની આશંકા

# ૬.૩ની તીવ્રતાના ભૂકંપથી ધણધણી ઉઠી અફઘાનિસ્તાનની ધરા

### ભૂકંપનું કેન્દ્ર મઝાર-એ-શરીફ શહેર નજીક ખોલ્મમાં જમીનની સપાટીથી ૨૮ કિલોમીટર (૧૭ માઇલ) ની ઊંડાઈએ હતું

નવી દિલ્હી, તા.૩

અફઘાનિસ્તાનના ઉત્તરીય ભાગમાં સોમવારે (3 નવેમ્બર) વહેલી સવારે જોરદાર ભૂકંપ આવ્યો હતો. યુએસ જિયોલોજિકલ સરવે (USGS) અનુસાર, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા 6.3 નોંધાઈ હતી. આ ભૂકંપમાં અનેક લોકોના મોત નિપજ્યા હોવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. USGS અનુસાર, 3 નવેમ્બરે આવેલા ભૂકંપનું કેન્દ્ર મઝાર-એ-શરીફ શહેર નજીક ખોલ્મમાં જમીનની સપાટીથી 28 કિલોમીટર (17 માઈલ) ની ઊંડાઈએ હતું. અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ સુધી પણ આ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.ઉત્તરીય બલ્ખ પ્રાંતની રાજધાની મઝાર-એ-શરીફ ઉત્તરીય અફઘાનિસ્તાનના સૌથી વધુ વસ્તીવાળા શહેરોમાંનું એક છે. મઝાર-એ-શરીફમાં અનેક લોકો અડધી રાત્રે પોતાના ઘરો પડી જવાના ડરથી રસ્તાઓ પર દોડી ગયા હતા. શહેરના એક નિવાસીએ જણાવ્યું કે, જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે તેમનો પરિવાર ડરીને જાગી ગયો હતો અને તેમના બાળકો બૂમો પાડતા સીડીઓ પરથી નીચે ભાગી રહ્યા હતા.નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (NCS)એ 'X' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે પ્રાથમિક અહેવાલો સૂચવે છે કે, આ ભૂકંપ સ્થાનિક સમય અનુસાર સોમવારે વહેલી સવારે મઝાર-એ-શરીફ અને ખુલ્મ શહેરની આસપાસ આવ્યો હતો અને આ ભૂકંપની અસર ઉત્તરી અફઘાનિસ્તાનની સરહદને અડીને આવેલા ત્રણ દેશોને થઈ હતી. તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તુર્કમેનિસ્તાનના કેટલાક ભાગોમાં પણ ભૂકંપની અસર જોવા મળી હતી. નોંધનીય છે કે, અફઘાનિસ્તાનના ઉત્તરીય ભાગમાં આ ભૂકંપ આવ્યો છે, જ્યારે લગભગ બે મહિના પહેલા દેશના પૂર્વીય ભાગમાં આવેલા ભૂકંપમાં 2200થી વધુ લોકો માર્યા ગયા હતા.

### આ ગમખ્વાર અકસ્માત ચેવેલા મંડલના ખાનપુર ગેટ પાસે થયો હતો

# તેલંગાણામાં ભીષણ અકસ્માત, બસ અને ટ્રક વચ્ચે ટક્કરમાં ૧૭ મુસાફરોના મોત

રંગારેડ્ડી, તા.૩

તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં સોમવારે xસવારે બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા 17 મુસાફરોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ ગમખ્વાર અકસ્માત ચેવેલા મંડલના ખાનપુર ગેટ પાસે થયો હતો. પોલીસના જણાવ્યાનુસાર, આ અકસ્માત ત્યારે થયો જ્યારે એક તેલંગાણા સ્ટેટ ગવર્નમેન્ટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન બસ અને ખોટી દિશામાંથી આવતી ટ્રક સામસામે અથડાયા હતા.પોલીસે જણાવ્યું કે ટક્કર એટલી ગંભીર હતી કે બસનો કચ્ચરઘાણ વળી ગયો હતો. સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્ત મુસાફરોનો તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ તથા રાહત કામગીરી શરૂ કરી હતી. અકસ્માતનું પ્રાથમિક કારણ ટ્રક ચાલકનું ખોટી દિશામાં વાહન ચલાવવું હોવાનું જણાય છે. પોલીસે ટ્રક ડ્રાઈવરની ઓળખ કરવાની કાર્યવાહી શરૂ કરી છે અને ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.તેલંગાણાના પરિવહન મંત્રી પોન્નમ પ્રભાકરે આ અકસ્માત પર ઊંડો દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે RTCના MD નાગી રેડ્ડી અને રંગા રેડ્ડી જિલ્લા કલેક્ટર સાથે ફોન પર વાત કરી હતી. મંત્રીએ તેમને ઈજાગ્રસ્તને તાત્કાલિક સારી તબીબી સંભાળ પૂરી પાડવાનો અને અસરગ્રસ્ત પરિવારોને શક્ય તેટલી સહાય પૂરી પાડવા માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવાનો આદેશ આપ્યો હતો.બીજી તરફ તેલંગાણાના પૂર્વ મંત્રી અને બીઆરએસના કાર્યકારી પ્રમુખ કેટી રામા રાવે પણ ચેવેલા મંડલમાં બનેલી દુર્ઘટના પર ઊંડો શોક વ્યકત કર્યો હતો. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યકત કરી અને રાજ્ય સરકારને અપીલ કરી કે અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક નાણાકીય સહાય અને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ તબીબી સંભાળ પૂરી પાડવામાં આવે.

### વિદ્યાર્થિની ભણતરનો ખર્ચ કાઢવા દેહવ્યાપારમાં ફસાઈ!

# પોલીસે હોટલમાં રેડ પાડી હાઈ-પ્રોફાઈલ રેકેટનો કર્યો પર્દાફાશ

**પોલીસે ગ્રાહક બનીને દલાલ સુધી પહોંચીને કમ્ફર્ટ કોવ હોટલમાં રેડ કરતા ચાર યુવતીને ચક્રવ્યૂહમાંથી મુક્ત કરાવી**

સુરત, તા.૩

શહેરના રાંદેર વિસ્તારમાં આવેલા વી સ્ક્વેર શોપિંગ મોલની અંદર ચાલી રહેલા હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચે ભાંડાફોડ કર્યો છે. પોલીસે ગ્રાહક બનીને દલાલ સુધી પહોંચીને કમ્ફર્ટ કોવ હોટલમાં રેડ કરતા ચાર યુવતીઓને દેહવ્યાપારની ચક્રવ્યૂહમાંથી મુક્ત કરાવી હતી. રેસ્ક્યૂ કરાયેલી યુવતીઓમાં નોઈડાની ૨૧ વર્ષની પોલિટિકલ સાયન્સની વિદ્યાર્થિનીનો પણ સમાવેશ થતો હોવાની જાણ થતાં પોલીસ અધિકારીઓ પણ ચોંકી ગયા હતા.

મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચને ૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચોક્કસ માહિતી મળી હતી કે રાંદેર વિસ્તારમાં આવેલી કમ્ફર્ટ કોવ નામની હોટલમાં દેહવ્યાપારનું ગોરખધંધું ચાલે છે. પોલીસ તાત્કાલિક એક સંયુક્ત ટીમ બનાવી ગ્રાહક તરીકે દલાલનો સંપર્ક કર્યો. નક્કી કરાયેલ રકમ માટે હોટલમાં બોલાવાયા બાદ ટીમે યોગ્ય સમયે છાપો મારી દલાલ અને સંચાલકને રંગે હાથ ઝડપ્યા હતા.

રેડ દરમિયાન હોટલના રૂમમાંથી ચાર મહિલાઓને મુક્ત કરાવવામાં આવી હતી. પોલીસે સ્થળ પરથી ત્રણ મોબાઈલ ફોન, ૧૧,૦૦૦ રૂપિયાની રોકડ રકમ અને અન્ય સામાન મળી કુલ ૩૧,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

રેસ્ક્યૂ કરાયેલી ચાર મહિલાઓમાંથી એક નોઈડાની ૨૧ વર્ષની વિદ્યાર્થિની છે. તે રાજકીય વિજ્ઞાનનો અભ્યાસ કરી રહી છે અને પોતાના ભણતર તથા કોલેજ ફી માટે પૈસા એકત્ર કરવા માટે આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં જોડાઈ હતી. પૂછપરછમાં તેણીએ જણાવ્યું કે ગરીબી અને આર્થિક તંગીને કારણે તે એક એજન્ટના માધ્યમથી સુરત આવી હતી. એજન્ટે તેને આ ''પાર્ટ-ટાઈમ કામ''ના બહાને દેહવ્યાપારના ચક્રવ્યૂહમાં ધકેલી દીધી હતી.બાકીની ત્રણ મહિલાઓ કોલકાતાની રહેવાસી હોવાનું સામે આવ્યું છે. તેઓ પણ પોતાના પરિવારની આર્થિક પરિસ્થિતિને કારણે આ કામમાં જોડાઈ હતી. પોલીસે તમામ મહિલાઓને કાઉન્સેલિંગ માટે મહિલા સંરક્ષણ કેન્દ્રમાં મોકલી છે, જેથી તેઓ આ દલદલમાંથી બહાર આવી શકે અને નવો જીવન માર્ગ અપનાવી શકે.

આ રેકેટનો મુખ્ય સૂત્રધાર રતન મહાદેવ ગયાન ઉર્ફે રાજુ છે, જે મહિલાઓને અલગ-અલગ શહેરોમાંથી બોલાવી હોટલમાં રાખતો હતો. તે ગ્રાહકો સાથે સંપર્ક કરીને શરીર સુખ માટે પૈસા વસૂલી મહિલાઓને ભાગ આપતો અને પોતાનો મોટો હિસ્સો રાખતો હતો. બીજો આરોપી પિયુષભાઈ લીલાભાઈ દેસાઈ, જે હોટલનો સંચાલક છે, દલાલના માધ્યમથી લાવવામાં આવેલા ગ્રાહકો માટે રૂમની વ્યવસ્થા કરી આપતો હતો અને રૂમ ભાડાના રૂપમાં કમાણી કરતો હતો.

બંને આરોપીઓ સામે પોલીસે "ધ ઈમોરલ ટ્રાફિકિંગ પ્રિવેન્શન એક્ટ (ITPA)" હેઠળ ગુનો નોંધ્યો છે અને તેમને રાંદેર પોલીસ સ્ટેશનના હવાલે કરીને વધુ તપાસ શરૂ કરી છે.

મહિલાસેલ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ જણાવ્યું કે દેહવ્યાપારના મોટાભાગના કેસોમાં મહિલાઓ આર્થિક પરિસ્થિતિ અને લાલચના કારણે ફસાઈ જાય છે. પરંતુ શિક્ષિત વર્ગમાંથી આવેલી વિદ્યાર્થિનીઓ પણ આવી પ્રવૃત્તિમાં જોડાઈ રહી છે તે ચિંતાજનક છે. પોલીસે મહિલાઓને સ્વાભિમાન અને સન્માન સાથે જીવવાની પ્રેરણા આપવાનો સંદેશ આપ્યો છે અને સમાજને પણ આવા કેસો સામે સજાગ રહેવાની અપીલ કરી છે.

### ટૂર્નામેન્ટમાં ઓલરાઉન્ડર દીપ્તિએ કર્યો કમાલ

# દીપ્તિ શર્માએ રચ્યો ઈતિહાસ, ૨૦૦થી વધુ રન, ૨૨ વિકેટ

**૫૨ વર્ષ બાદ ઓલરાઉન્ડરે ટીમને બનાવી ચેમ્પિયન**

મુંબઈ, તા.૩

નવી મુંબઈના ડીવાઈ પાટિલ સ્ટેડિયમમાં રમાયેલી મહિલા વનડે વિશ્વકપ ૨૦૨૫ની ફાઈનલમાં ટીમ ઈન્ડિયાની જીતની હીરો દીપ્તિ શર્મા બની હતી. તેણે બોલિંગમાં એવો કમાલ કર્યો કે આફ્રિકાનો ધબડકો થયો હતો.

દીપ્તિએ ફાઈનલમાં પાંચ વિકેટ લીધી અને ભારતને પ્રથમવાર વિશ્વકપનું ટાઈટલ અપાવ્યું. આ દમદાર પ્રદર્શન બાદ તેને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ જાહેર કરવામાં આવી હતી. દીપ્તિ શર્માએ વિશ્વકપ ૨૦૨૫મા બેટ અને બોલ બંનેથી શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ટૂર્નામેન્ટમાં ૨૦૦થી વધુ રન બનાવ્યા અને ૨૨ વિકેટ ઝડપી હતી. મહિલા વિશ્વકપના ૫૨ વર્ષના ઈતિહાસમાં આ સિદ્ધિ મેળવનાર તે પ્રથમ ખેલાડી બની ગઈ છે.

માત્ર એટલું જ નહીં દીપ્તિએ વિશ્વકપમાં નંબર ૫ કે તેનાથી નીચે બેટિંગ કરતા ત્રણ વખત ૫૦થી વધુનો સ્કોર બનાવ્યો છે. આવું કરનારી ઈતિહાસની તે ત્રીજી ખેલાડી છે. તેની પહેલા આ રેકોર્ડ હરમનપ્રીત કૌર (૨૦૨૨) અને એશ્લે ગાર્ડનર (૨૦૨૫) ના નામે હતો.

સાઉથ આફ્રિકા વિરુદ્ધ ફાઈનલ મુકાબલામાં દીપ્તિ શર્માનું પ્રદર્શન બેમિસાલ રહ્યું હતું. તેની શાનદાર બોલિંગે ભારતને ઈતિહાસ રચવામાં મદદ કરી હતી. દીપ્તિએ મેચમાં ૯.૩ ઓવરમાં ૩૯ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી. જ્યારે પણ ભારતને વિકેટની જરૂર હતી ત્યારે દીપ્તિએ સફળતા અપાવી હતી. તેની શાનદાર બોલિંગની મદદથી આફ્રિકાની રનચેઝની આશા ખતમ થઈ ગઈ હતી.

વર્ષ ૨૦૧૪મા પદાર્પણ કરનારી દીપ્તિ શર્મા હવે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સૌથી વિશ્વાસપાત્ર ઓલરાઉન્ડર બની ગઈ છે. પોતાના કરિયરમાં તેણે ૧૨૧ વનડે મેચમાં ૨૭૩૯ રન બનાવ્યા છે. દીપ્તિએ એક સદી અને ૧૮ અડધી સદી ફટકારી છે. બોલિંગમાં તેના નામે ૧૫૭ વિકેટ છે. દીપ્તિના રેકોર્ડે ન માત્ર દેશને પ્રથમ મહિલા વિશ્વકપ અપાવ્યો, પરંતુ તે પણ સાબિત કરી દીધું કે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ હવે કોઈ મોટા મંચ પર પાછળ નથી.

### ૨૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે

# બિહારમાં સાંસદ પ્રિયંકા ગાંધીએ મહાગઠબંધનની ગેરંટીની યાદી આપી

**પરીક્ષા ફી માફ કરવામાં આવશે, નોકરીના કેલેન્ડર મુજબ નિમણૂકો સમયસર પૂર્ણ કરવામાં આવશે : પ્રિયંકા ગાંધી**

પટણા, તા.૩

કોંગ્રેસના મહાસચિવ અને સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોમવારે (ત્રીજી નવેમ્બર) સહરસાના સોનબરસામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે મહાગઠબંધન સત્તામાં આવશે તો લેવાનારા મહત્ત્વના નિર્ણયોની જાહેરાત કરી, તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા અપમાન મંત્રાલય બનાવવાનું સૂચન કર્યું હતું. ચૂંટણી રેલીને સંબોધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, પરીક્ષા ફી માફ કરવામાં આવશે, નોકરીના કેલેન્ડર મુજબ નિમણૂકો સમયસર પૂર્ણ કરવામાં આવશે. જો મહાગઠબંધન સરકાર બનશે તો ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ અનામત લાગુ કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, હું વડાપ્રધાનને એક સૂચન કરવા માંગુ છું. વડાપ્રધાનનો સમય રોજગાર પૂરો પાડવા, વિકાસને પ્રોત્સાહન આપવા અને મોટા ઉદ્યોગો સ્થાપવામાં ખર્ચ કરવો જોઈએ. મારું સૂચન છે કે તે એક નવું મંત્રાલય બનાવે અને તેને અપમાન મંત્રાલય કહે જેથી તેમનો સમય બગાડાય નહીં. જ્યારે તમે તમારી નોકરી, તમારા રોજગાર માટે વિરોધ કરો છો, અને તેમને લાગે છે કે કોઈ પ્રશ્ન ઉઠાવી રહ્યું છે તે દેશનું અપમાન કરી રહ્યું છે, ત્યારે અપમાન મંત્રાલય તમને બોલાવી શકે છે. હું એ પણ સૂચન કરું છું કે આ મંત્રાલય મારા પરિવાર વિશે કરવામાં આવેલી બધી નકારાત્મક ટિપ્પણીઓનો રેકોર્ડ રાખે. આનાથી આખી લાઈબ્રેરી ભરાઈ જશે.

કોંગ્રેસ અને મહાગઠબંધનના વચનો

- પરીક્ષા ફી માફ કરવામાં આવશે.
- પરીક્ષામાં આવવા-જવા માટેનો મુસાફરી ખર્ચ આવરી લેવામાં આવશે.
- નોકરીના કેલેન્ડર મુજબ બધી નિમણૂકો સમયસર પૂર્ણ કરવામાં આવશે.
- પેપર લીક સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.
- દરેક પરિવારમાં એક વ્યક્તિને સરકારી નોકરી મળશે.
- ૨,૦૦૦ એકરનું શિક્ષણ શહેર અને ઔદ્યોગિક ક્લસ્ટર બનાવવામાં આવશે.
- ગરીબ પરિવારોને ઉદ્યોગો શરૂ કરવા માટે ૨ લાખ રૂપિયાની સહાય.
- ખાલી સરકારી જગ્યાઓ પર નિમણૂકો, બિહારીઓ માટે ખાસ અનામત સાથે.
- અંગ્રેજી-માધ્યમ શાળાઓ બનાવવામાં આવશે.
- જીવિકા દિદીઓ માટે ૩૦ હજાર રૂપિયા પ્રતિ મહિને અને કાયમી નોકરીઓ
- વૃદ્ધો અને વિધવા મહિલાઓ માટે ૧,૫૦૦ રૂપિયા પ્રતિ મહિને સામાજિક સુરક્ષા પેન્શન, આ રકમ દર વર્ષે ૨૦૦ રૂપિયાનો વધારો કરશે
- માઈ બહેની માન સન્માન યોજના હેઠળ મહિલાઓ માટે ૨,૫૦૦ રૂપિયા પ્રતિ મહિને
- ભૂમિહીન પરિવારોને ૩થી ૫ દશાંશ જમીન આપવામાં આવશે, જેમાં મહિલાઓ તેમની એકમાત્ર માલિક હશે.
- ૨૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવશે.
- બિહારમાં જૂનું પેન્શન લાગુ કરવામાં આવશે.
- કરાર આધારિત કામદારોને કાયમી કરવામાં આવશે.
- રાજ્યમાં પાંચ નવા એક્સપ્રેસવે બનાવવામાં આવશે.
- અપંગો માટે ૩,૦૦૦ રૂપિયા પેન્શન.
- ખેડૂતો માટે ગેરંટીકૃત MSP.
- મનરેગા હેઠળ દૈનિક વેતન વધારીને ૩૦૦ રૂપિયા કરવામાં આવશે અને કામકાજના દિવસોની સંખ્યા બમણી કરવામાં આવશે.
- મફત વીજળીના ૨૦૦ યુનિટ.

### અમોલ મઝુમદારે ઘરેલુ ક્રિકેટમાં ઘણા રન બનાવ્યા

# ભારતીય ટીમ માટે ક્યારેય રમી શક્યા નહીં, પરંતુ હવે મહિલા ટીમને બનાવી વિશ્વ વિજેતા

**અમોલ મઝુમદારે કોચ તરીકે તેમણે મહિલા ટીમને પહેલીવાર વિશ્વ ચેમ્પિયન બનાવવામાં મદદ કરી**

મુંબઈ, તા.૩

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ હવે વિશ્વ વિજેતા છે. આ પહેલા બે વખત ફાઈનલમાં પહોંચી પણ વર્લ્ડ ચેમ્પિયન બનવાનું સપનું અધૂરુ હતું, તેને હરમનપ્રીત કૌરની આગેવાનીવાળી ટીમે કરી દેખાડ્યું છે. તેનો શ્રેય ભલે કેપ્ટનની સાથે ટીમને જતો હોય, પરંતુ આ મહાગાથાની પટકથા હકીકતમાં એક વ્યક્તિએ લખી જે ક્યારેય ભારતીય ટીમ માટે રમી શક્યા નહીં. પ્રથમ શ્રેણીમાં રનનો ઢગલો કર્યો અને ૧૧ હજારથી વધુ રન બનાવ્યા. ભલે પોતે ક્યારેય ટીમ ઈન્ડિયા માટે રમી શક્યા નહીં પરંતુ હવે ટીમને વિશ્વ વિજેતા બનાવી દીધી છે. અમે વાત કરી રહ્યાં છીએ મહિલા ટીમના કોચ અમોલ મઝુમદારની.

હરમનપ્રીત કૌરની આગેવાનીમાં ભારતીય મહિલા ટીમે રવિવારની રાત્રે ઈતિહાસ રચી દીધો છે. મહિલા વિશ્વકપની ફાઈનલમાં ૫૨ રનથી આફ્રિકાને હરાવી ટાઈટલ જીત્યું છે. વિશ્વ વિજેતા બન્યા બાદ હરમનપ્રીત કૌર કોચ અમોલ મઝુમદારને પગે લાગી હતી. તેણે તે વ્યક્તિને પ્રમાણ કર્યા તેણે પડદાની પાછળ રહીને કામ કર્યું હતું. તે શિલ્પીના આશીર્વાદ લીધા.

અમોલ મઝુમદારે ઘરેલું ક્રિકેટમાં રનનો ઢગલો કર્યો હતો. તેના નામે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૧૧૬૭ રન છે, પરંતુ તેણે ક્યારેય ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કર્યું નહીં. બે દાયકા સુધી ઘરેલું ક્રિકેટમાં પોતાની મજબૂત બેટિંગથી બધાને પ્રભાવિત કર્યા હતા. સચિન તેંડુલકર, વિનોદ કાંબલી જેવા દિગ્ગજો સાથે પણ મઝુમદાર રમ્યા હતા.

૧૯૯૪માં તેઓ ભારતીય અંડર-૧૯ ટીમના ઉપ-કપ્તાન હતા. તેઓ રાહુલ દ્રવિડ અને સૌરવ ગાંગુલી સાથે ઈન્ડિયા એ માટે પણ રમ્યા હતા. મુંબઈ માટે રણજી ટ્રોફીમાં તેમના ડેબ્યૂમાં, તેમણે શાનદાર ૨૬૦ રન બનાવ્યા, જે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ભારતીય દ્વારા સૌથી વધુ સ્કોર હતો. લોકો તેમને ભવિષ્યના ક્રિકેટ સ્ટાર તરીકે જોતા હતા, પરંતુ તેમને ક્યારેય ભારત માટે રમવાની તક મળી ન હતી. આનું એક કારણ એ હોઈ શકે છે કે તેમના સમયમાં, ભારતનો મધ્યમ ક્રમ સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, વીવીએસ લક્ષ્મણ અને સૌરવ ગાંગુલી જેવા મહાન બેટ્સમેનોથી શણગારેલો હતો. મઝુમદારે ૨૦૧૪માં ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી, જેનાથી તેમની ૨૧ વર્ષની ક્રિકેટ કારકિર્દીનો અંત આવ્યો.

BCCIએ ઓક્ટોબર ૨૦૨૩મા અમોલ મઝુમદારને ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કોચ બનાવ્યા હતા. ૨ વર્ષની મહેનત બાદ તેમણે આ ટીમ તૈયાર કરી હતી. તેમણે ટીમને વિશ્વાસ અપાવ્યો કે આઈસીસી ટ્રોફીનો દુષ્કાળ ખતમ કરી શકીએ છીએ. જે ૨૦૦૫ અને ૨૦૧૭મા ન થઈ શક્યું તે ૨૦૨૫મા કરી શકીએ છીએ.

૧૧ નવેમ્બરે અમોલ મઝુમદાર પોતાના ૫૧મા જન્મદિવસની ઉજવણી કરશે. ભારતીય ટીમ તરફથી તેમના માટે આ વિશ્વકપની ટ્રોફીથી સારી કોઈ ગિફ્ટ ન હોઈ શકે.હરમનપ્રીત કૌર સેનાની ઐતિહાસિક સફળતા બાદ તેમણે કહ્યું- મારી પાસે શબ્દ નથી. ખૂબ ગર્વની ક્ષણ છે. તેમણે ખૂબ મહેનત અને વિશ્વાસની સાથે દરેક ભારતીયને ગર્વની તક આપી છે. આ વોટરશેડ મોમેન્ટ છે.

### ICAIની ઓફિશિયલ વેબસાઇટ પર પરિણામો જોઈ શકાશે

# CA ફાઈનલ, ઈન્ટર અને ફાઉન્ડેશના પરિણામ જાહેર

**૯૮,૮૨૭ વિદ્યાર્થીઓમાંથી ૧૪,૬૦૯ ઉમેદવારો પાસ**

અમદાવાદ, તા.૩

ICAI (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા) દ્વારા સપ્ટેમ્બરમાં લેવાયેલી CA પરીક્ષાઓનાં પરિણામો જાહેર કરવામાં આવ્યાં છે. જેમાં ફાઈનલ એક્ઝામિનેશન (બંને ગ્રુપ)નું પરિણામ ૧૬.૨૩% (૧૬,૮૦૦માંથી ૨,૭૨૭ પાસ), ઈન્ટરમીડિયેટ એક્ઝામ (બંને ગ્રુપ)નું પરિણામ ૧૦.૦૬% (૩૬,૩૯૮માંથી ૩,૬૬૩ પાસ) અને ફાઉન્ડેશન એક્ઝામનું પરિણામ ૧૪.૭૮% (૯૮,૮૨૭માંથી ૧૪,૬૦૯ પાસ) રહ્યું છે. આ ઉપરાંત, રાજકોટના ઉમેદવાર જિગર રાચ્છે ભારતમાં ૨૦મો રેંક પ્રાપ્ત કર્યો છે. ફાઉન્ડેશન પરીક્ષામાં આ સત્રે ૯૮,૮૨૭ વિદ્યાર્થીઓએ આપી હતી, જેમાંથી માત્ર ૧૪,૬૦૯ ઉમેદવારો પાસ થયા છે, જેનો એકંદર પાસ થવાનો દર ૧૪.૭૮% રહ્યો છે.

પુરુષ ઉમેદવારોનો પાસ થવાનો દર (૧૫.૭૪%) સ્ત્રી ઉમેદવારો (૧૩.૭૬%) કરતાં સહેજ વધુ રહ્યો છે.

ચેન્નાઈની એલ. રાજલક્ષ્મી ૩૬૦ માર્ક્સ (૯૦%) સાથે સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે આવી છે, જ્યારે બીજા ક્રમે પ્રેમ અગ્રવાલ (૩૫૪ માર્ક્સ) અને ત્રીજા ક્રમે નીલ રાજેશ શાહ (૩૫૩ માર્ક્સ) છે.

આ પરીક્ષાઓ ૩ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ હતી અને વિદ્યાર્થીઓ હવે તેમના રજિસ્ટ્રેશન નંબર અને રોલ નંબરનો ઉપયોગ કરીને ICAIની ઓફિશિયલ વેબસાઈટ icai.nic.in પર આ પરિણામો જોઈ શકશે.આ ઉપરાંત જાન્યુઆરી ૨૦૨૬ સત્ર માટેની રજિસ્ટ્રેશન જાહેરાત પણ ICAI દ્વારા કરી દેવામાં આવી છે. ઈચ્છુક વિદ્યાર્થીઓ આ પરીક્ષાઓ માટે ૩ નવેમ્બરથી ૧૬ નવેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકે છે. આ પરીક્ષાઓનું આયોજન ૫ જાન્યુઆરીથી ૨૪ જાન્યુઆરી દરમિયાન કરવામાં આવશે.

### ચૂંટણી પંચ વિરુદ્ધ સ્ટાલિને મોરચો માંડ્યો!

# SIR મુદ્દે ૪૪ રાજકીય પક્ષોએ SCની શરણમાં

**૨૦૨૬માં ચૂંટણીઓ યોજાવાની છે તે પહેલા આ પક્ષોએ મતદાર યાદીના સુધારાને લોકશાહી વિરોધી ગણાવ્યું**

નવી દિલ્હી, તા.૩

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના નેતૃત્વમાં ૪૪ રાજકીય પક્ષોએ ચૂંટણી પંચ (EC) સામે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. પક્ષોએ મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સામે આ પગલું લેવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં ૨૦૨૬માં ચૂંટણીઓ યોજાવાની છે. તે પહેલાં, આ પક્ષોએ ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીના સુધારાને લોકશાહી વિરોધી ગણાવ્યું છે. SIR વિરુદ્ધની બેઠકમાં કુલ ૪૪ પક્ષોએ ભાગ લીધો હતો. જેમાં દિવંગત અભિનેતા અને રાજકારણી વિજયકાંતની પાર્ટી DMDK પણ સામેલ થઈ હતી. જોકે, DMDK કોઈપણ ગઠબંધનનો ભાગ નથી. AIADMK અને BJPને બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. મીડિયા અહેવાલ મુજબ અભિનેતા વિજયની પાર્ટી તમિલગા વેટ્રી કઝગમ (TVK), એસ. રામદોસની PMK અને TTV પણ હાજર રહી ન હતી. તાજેતરમાં NDAથી અલગ થયેલા દિનાકરનની AMMKને પણ બેઠકમાં આમંત્રણ મળ્યું હોવા છતાં હાજરી આપી ન હતી.

બેઠકમાં પસાર કરવામાં આવેલા એક પ્રસ્તાવમાં વિવિધ પાર્ટીએ ચૂંટણી પંચ સમક્ષ રિવિઝનની પ્રક્રિયા રોકવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, બિહારમાં આ પ્રક્રિયા સાથે જોડાયેલા એક કેસમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય હજુ સુધી આવ્યો નથી. પ્રસ્તાવમાં ચૂંટણી પંચ પર નિશાન સાધતા કેન્દ્ર અને ભાજપના નેતૃત્વ હેઠળની સરકારની કઠપૂતળી ગણાવ્યું છે. દાવો કરવામાં આવ્યો છે કે, આ રિવીઝનથી લઘુમતી અને વિપક્ષ તરફ સોફ્ટ કોર્નર રાખતા મતદારોનો મત આપવાનો હક છીનવાઈ જશે.

અભિનેતા વિજયની પાર્ટી TVKએ સ્ટાલિનની બેઠકમાં હાજરી આપી ન હતી. જોકે, TVK એ SIR ને કાનૂની પડકાર આપવાના સમર્થનમાં એક આકરું નિવેદન જાહેર કર્યું છે. TVKએ જણાવ્યું હતું કે અગાઉ, જ્યારે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ ઈલેક્ટોરલ રોલ રિવિઝન માટે નોટિફિકેશન રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે TVK એ તેનો સખત વિરોધ કર્યો હતો અને તેની પાછળના ઈરાદાઓ વિશે ચેતવણી આપી હતી. બિહારમાં લાખો મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે વિપક્ષો સતત આરોપ મૂકી રહ્યા છે કે, ધાર્મિક લઘુમતીઓના મતદારો સહિત અમુક લોકોને મત યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન સંબંધિત એક કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.

# એક ટ્રોલી બેગમાંથી મળ્યો ૨૫ વર્ષીય યુવતીનો મૃતદેહ

**પોલીસે સ્થળ પર પહોંચી હાથ ધરી ઝીણવટભરી તપાસ**

સુરત, તા.૩

દેશમાં હવે ક્યાંય જાહેરમા બેગ, ડ્રમ દેખાય તો લોકોમાં ડરનો માહોલ ફેલાઈ જાય છે. ત્યારે ફરી એકવાર બેગમાંથી લાશ મળી છે. સુરતના કોસંબા નજીક બેગમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો છે. હત્યારાએ યુવતીના પગ બાંધી બે ફૂટની ટ્રોલી બેગમાં બેવડું વાળી લાશ ભરી હતી. હાથ પરના ટેટૂથી પોલીસે તપાસ શરૂ કરી છે. સુરતના કોસંબી વિસ્તારમાં એક બંધ ટ્રોલી બેગમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. કોસંબા ઓવર બ્રિજ પાસે મારુતિનાશો રૂમ બાજુના રોડના કિનારે બેગ પડી હતી. માંગરોળ તાલુકાના કોસંબા નજીક લોકોની નજર લાવારીશ બેગ પર પડી હતી. તેથી સ્થાનિકોએ જાણ કરતા પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ કરી હતી. જેમાં બેગમાંથી યુવતીની લાશ મળી આવી હતી. મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે. તેમજ હત્યારાને શોધવામાં પોલીસની ટીમો કામે લાગી છે. પોલીસે પ્રાથમિક તપાસમાં જોયું તો, યુવતીના મૃતદેહના પગ બાંધેલા હતા. આખા મૃતદેહને પડીકું વાળે તેમ બેગમાં મૂકાયો હતો. કપડા દ્વારા મહિલાને લાશને બાંધવામાં આવી છે. જોકે, શરીરના કોઈ ટુકડા કરાયા નથી. મહિલાના હાથ પર ટેટૂ પર દોરાયેલા છે. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. હાલ મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે. જેમાં મહિલાની મોત કેવી રીતે થઈ તે માહિતી સામે આવી છે. બીજી તરફ, સુરત પોલીસે મહિલા કોણ હતી અને ક્યાંથી હતી, કોણે મહિલાની હત્યા કરીને લાશ અહીં મૂકી તે દિશામાં તપાસ શરૂ કરી છે.

### સુરતના ઉદ્યોગપતિની દરિયાદિલી!

# સુરતના ઉદ્યોગપતિ ખેલાડીઓને આપશે હીરાના દાગીના અને સોલાર પેનલ

**ભારતીય મહિલા ક્રિકેટ ટીમ માટે ઉદ્યોગપતિ અને રાજ્ય સભાના સાંસદ ગોવિંદ ધોળકિયાએ પોતાનો ખજાનો ખોલ્યો**

સુરત, તા.૩

દક્ષિણ આફ્રિકાને હરાવીને વર્લ્ડ કપ જીતનાર ભારતીય મહિલા ક્રિકેટ ટીમ માટે ઉદ્યોગપતિ અને રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયાએ પોતાનો ખજાનો ખોલ્યો છે. શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના સ્થાપક અને ચેરમેન ગોવિંદ ધોળકિયાએ ભારતીય ટીમને ઈનામ માટે હીરાના દાગીના અને સોલાર પેનલની જાહેરાત કરી છે.

રવિવારે ફાઈનલ મેચ પહેલા તેમણે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ના ઉપપ્રમુખ રાજીવ શુક્લાને લખેલા પત્રમાં, તેમણે ચેમ્પિયન ભારતીય ટીમના દરેક સભ્યને "તેમની પ્રતિભા અને ખંતની ઓળખ" તરીકે હાથથી બનાવેલા કુદરતી હીરાના દાગીના ભેટમાં આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.પોતાના પરોપકારી કાર્ય અને સમાજસેવા માટે જાણીતા ગોવિંદા ધોળકિયાએ ભારતીય ક્રિકેટરોના ઘરોની છત પર સોલાર પેનલ લગાવવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. પત્રમાં ગોવિંદ ધોળકિયાએ લખ્યું છે કે, "જેમ તેઓ આપણા દેશમાં પ્રકાશ લાવે છે, તેમ તેમનું જીવન પણ હંમેશા ચમકતું રહે."

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમે રવિવારે નવી મુંબઈના ઢરૂ પાટિલ સ્ટેડિયમમાં દક્ષિણ આફ્રિકા પર ૫૨ રનથી વિજય મેળવીને ભારતીય ઈતિહાસનો પહેલો વર્લ્ડ કપ જીત્યો હતો. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ના સચિવ દેવજીત સૈકિયાએ સોમવારે જાહેરાત કરી હતી કે, ભારતીય મહિલા ક્રિકેટ ટીમને ODI વર્લ્ડ કપ જીતવા બદલ ૫૧ કરોડ રૂપિયાનું ઈનામ મળશે.

સૈકિયાએ જણાવ્યું હતું કે, "BCCI ભારતીય મહિલા ક્રિકેટ ટીમને વર્લ્ડ કપ જીતવા બદલ સન્માનના પ્રતીક તરીકે ૫૧ કરોડ રૂપિયાનું રોકડ ઈનામ આપશે. આમાં તમામ ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને રાષ્ટ્રીય પસંદગી સમિતિના સભ્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ભારતીય ટીમને ૈઝઝ તરફથી ૩૯.૫૫ કરોડ રૂપિયા મળશે.

### વડાપ્રધાન મોદીના વિરોધીઓ પર આકરા પ્રહાર

# આરજેડીએ કોંગ્રેસને બંદૂક બતાવીને મુખ્યમંત્રીનું [redacted]હેર કરાવ્યું

**૨૦૨૬માં ચૂંટણીઓ [redacted] પહેલા આ પક્ષોએ મતદાર યાદીના સુ[redacted]ી વિરોધી ગણાવ્યું**

કટિહાર, તા.૩

બિહારના કટિહાર જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આરજેડી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસના નેતાએ છઠ ઉત્સવને નાટક ગણાવ્યો હતો જેથી બિહારના લોકો આરજેડી પર પોતાનો ગુસ્સો ઠાલવે અને તેને હરાવે. પીએમ મોદીએ આરોપ લગાવ્યો કે આરજેડીએ કોંગ્રેસને બંદૂક બતાવીને મુખ્યમંત્રીનું નામ જાહેર કરાવ્યું.

પીએમ મોદીએ આરજેડીના પોસ્ટરમાંથી પૂર્વ મુખ્યમંત્રી લાલુ યાદવનો ફોટો ગાયબ થવાની આકરી ટીકા કરી. તેમણે કહ્યું, "આરજેડી-કોંગ્રેસના પોસ્ટરો જુઓ. તેઓ (લાલુ યાદવ), જે વર્ષો સુધી મુખ્યમંત્રી [redacted]

પીએમ મોદીએ કહ્યું, "વિવિધ રાજ્યોમાં કોંગ્રેસના નેતાઓને જાણી જોઈને બિહારના લોકો વિશે અપમાનજનક વાતો બોલાવવામાં આવે છે. કેરળમાં એક કોંગ્રેસના નેતાએ બિહારના લોકોની સરખામણી બીડી સાથે કરી; આ પણ કોંગ્રેસની રણનીતિનો એક ભાગ છે."

વિપક્ષ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું, "આ લોકો મત મેળવવા માટે સુરક્ષા સાથે ખીલવાડ કરી રહ્યા છે. તેઓ ઘુસણખોરોને જે અનાજ તમારો અધિકાર છે તે આપવા માંગે છે. ભારતના સંસાધનો પર ફક્ત ભારતના નાગરિકોનો જ અધિકાર છે, પરંતુ કોંગ્રેસ અને આરજેડીના લોકોને કટ્ટા અને કટ્ટરપંથીઓ પસંદ છે."

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી અસગ્રસ્ત ૬૨૬ ગામોમાં ખેતરે ખેતરે મુલાકાત કરી સર્વે-પંચરોજકામની કામગીરી પૂર્ણ



રાજયમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના કૃષિ પાકને થયેલા વ્યાપક નુકસાનની સ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા તાત્કાલિક સર્વે અને પંચ રોજકામ કરવાની સૂચના આપવામાં આવી હતી. આ સ્થિતિમાં અમરેલી જિલ્લામાં અસરગ્રસ્ત ૬૨૬ ગામોમાં કપાસ મગફળી, સોયાબીન ડુંગળી શાકભાજી કઠોળ વગેરેની ખેતીને નુકસાની થઈ છે. આ અસરગ્રસ્ત ગામોમાં સર્વે અને પંચ રોજકામની કામગીરી કરી અને અહેવાલ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સર્વેની કામગીરી અસરકાર અને ઝડપી પૂર્ણ કરવા બદલ જિલ્લાના ખેડૂતો અને સરપંચઓએ રાજય સરકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને વહેલી તકે સહાયતા પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ અંગે અમરેલી તાલુકાના નાના ભંડારિયના ગ્રામ સેવક કંચનબેન સાંગાણીએ જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપાવમાં આવેલી સૂચના અન્વયે વરસાદ વિરામ લેતા જ આંકડિયા ગ્રુપના અમારા ગામ નાના ભંડારિયાના તમામ ખેડૂત ખાતેદારોની વિગતો મેળવી ખેતરે ખેતરે જઈ સરવે અને રોજકામ કર્યુ છે. અંદાજિત નુકસાનીનો અહેવાલ અમારા ગામોમાં પૂર્ણ થયો છે. મદદનીશ ખેતીનિયામક વિકાસ ડામોરના જણાવ્યા મુજબ સર્વે અને રોજકામની કામગીરી માટે અમરેલી જિલ્લામાં ૮૬ ટીમ દ્વારા ૬૨૬ ગામોમાં સર્વે અને પંચરોજકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ કામગીરીમાં ૮૬ ટીમો અને ૨૭ અધિકારીઓ, ૨૩૪ કર્મચારીઓની ટીમ નુકસાનીનો રિપોર્ટ તૈયાર કરવા માટે કામગીરી કરી રહી છે. નુકસાનીના અંદાજના રિપોર્ટનું સંકલન કરી સરકારને આપવામાં આવશે. ખેતીવાડી શાખા દ્વારા આ કમોસમી વરસાદ અંગે ખાસ પગલા લેવા ખેડૂતોને અનુરોધ કરેલો છે, જે માટેની માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરવામાં આવી છે. તેમજ જિલ્લા કક્ષાએ અલાયદો કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલો છે. જેમાં હેલ્પલાઈન નંબર ૦૨૭૯૨ ૨૨૩૩૨૪ ૫૨ ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરીને મદદ કરવામાં આવી રહી છે.

## પાના ૮ ઉપરનું ચાલું સૌરાષ્ટ્ર શરાફી મંડળી દ્વારા

મંડળીઓમાં શ્રેષ્ઠ સહકારી મંડળીનો એવોર્ડ પ્રાપ્ત કર્યો છે તેમજ અ વર્ગ ધરાવતી અને જીરો એન.પી.એ. સાથે ૫ અરબથી વધુ ટર્નઓવર ધરાવતી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની નવ બ્રાન્ચો હાલ કાર્યરત છે અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવા છેવાડાના માનવી સુધી પહોંચવાની અમારૂ લક્ષ્યાંકને રાખી સહકારથી સમૃદ્ધિ તરફ અમારૂ એક કદમ છે આ મંડળી છેલ્લા ૧૫ વર્ષમાં લોકોની બચત માટે વિવિધ પ્રકારની સ્કીમ સાથે લોકોની આવકમાં વૃદ્ધિ કરવા સાત વર્ષમાં ડબલ અને નાનામાં નાના માણસને જરૂરિયાત પૂરી કરવા ઘણી પ્રકારની લોન આપી લોકોની સ્કિલને પણ આગળ વધારે છે તેમ મંડળીના વાઈસ ચેરમેન દિવ્યેશ વેકરીયા, એમ.ડી. જયસુખભાઈ ગોંડલીયા અને મંત્રી દીપકભાઈ આંબલિયા દ્વારા જણાવેલ.

## અવસાન નોંધ

**બાબરા :** અરડોઈ નિવાસી સ્વ. હસમુખલાલ મોરારજીભાઈ મૃગના સુપુત્ર નિર્મળ (ગોપાલ) (ઉંમર વર્ષ ૪૦) તા. ૧/૧૧/૨૦૨૫ શનિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે અનિલભાઈ, પ્રવિણભાઈ, રાજુભાઈ, ભવિનભાઈ, દક્ષાબેન, મિતાબેન, નયનાબેનના ભાઈ અને કુસુમબેનના સુપુત્ર થાય.

તેમનું ઉઠમણું તારીખ ૬/૧૧/૨૦૨૫ ને ગુરૂવારના રોજ લોહાણા મહાજનવાડી મહાદેવવાડી ગોંડલ ખાતે સમય ૪ થી ૫ રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૮૧ | ૧૫૩૦ |
| ૨ | કપાસ કોડી | ૬૯૦ | ૮૦૦ |
| ૩ | મગફળી | ૬૦૦ | ૭૫૩ |
| ૪ | ચણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૯૩૫ | ૧૯૩૫ |
| ૬ | ઘઉં | ૫૨૭ | ૫૨૭ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૦૧ | ૧૦૮૬ |
| ૨ | ગીરનાર શીંગ | ૮૮૦ | ૧૨૦૦ |
| ૩ | શિંગ મોટી | ૬૩૦ | ૧૨૪૦ |
| ૪ | શિંગદાણા | ૮૦૦ | ૧૧૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૮૦૦ |
| ૬ | તલ કાળા | ૨૨૭૫ | ૪૭૫૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૩૪૦ | ૨૩૫૫ |
| ૮ | બાજરો | ૨૯૧ | ૪૨૧ |
| ૯ | જુવાર | ૬૨૨ | ૬૨૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૬૯ |
| ૧૨ | મગ | ૧૦૩૦ | ૧૬૩૧ |
| ૧૩ | અડદ | ૮૫૦ | ૧૨૮૦ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૧૦૭૧ |
| ૧૫ | સફેદ ચણા | ૯૩૦ | ૧૦૭૧ |
| ૧૬ | છોલે ચણા | ૬૨૦ | ૧૫૩૫ |
| ૧૭ | તુવેર | ૮૧૫ | ૧૩૦૨ |
| ૧૮ | કપાસ | ૭૯૯ | ૧૫૬૭ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૨૬૭ |
| ૨૦ | જીરૂ | ૨૨૦૦ | ૩૫૮૫ |
| ૨૧ | રાય | ૧૪૪૦ | ૧૪૬૦ |
| ૨૨ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨૩ | અજમા | ૧૦૦૦ | ૧૩૩૦ |
| ૨૪ | સોયાબીન | ૭૩૫ | ૮૮૭ |
| ૨૫ | રજકાનું બી | ૩૧૦૦ | ૮૨૦૦ |
| ૨૬ | કાંગ | ૨૯૫ | ૪૩૬ |

## પાના ૧ ઉપરનું ચાલું બગસરા અને વડિયામાં કોંગ્રેસ દ્વારા

સાવલિયા, ટીસુભાઈ વાળા, રાજુભાઈ ભેસાણીયા, હકા ભાઈ ભરવાડ, બાબુભાઈ હિરપરા, જીતુભાઈ સાંગાણી, સાવરકુંડલા થી હસુભાઈ સૂચક, અમરૂભાઈ, ચંદુભાઈ ગોંડલીયા માજી સરપંચ, કેશુભાઈ સુહગીયા, ગીરીશ ગોંડલીયા, સંજય કસવાળા, વિક્રમભાઈ સાંગાણી, સુખાભાઈ વાળા, જુનેદ ડોડીયા, ભોમિત પાંધી તેમજ કુકાવાવ–વડીયા તાલુકા ભરના ખેડૂતો આવ્યા હતા તેમજ બગસરા તાલુકામાંથી ખેડૂતો અને ખેડૂત આગેવાનો અને કાર્યકર્તાઓમાં બગસરા કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ દુધાત, મંત્રી અશોકભાઈ ગોંડલીયા, ભીમજીભાઈ ખૂટ, ભરતભાઈ આસોદરીયા, ચંદુભાઈ સતાણી, ગોપાભાઈ સતાસિયા, ભરતભાઈ ખૂટ, રામભાઈ માંડણકા, મગનભાઈ વેકરીયા, મગનભાઈ વઘાસીયા, નાગજીભાઈ કાપડીયા, દુલાભાઈ ગોંડલીયા, બાબુભાઈ હરખાણી, પરષોતમભાઈ હરખાણી, પરષોત્તમભાઈ બાબરીયા, નાગભાઈ ધાધલ, માનવભાઈ શેખ, તુષારભાઈ ડાભી, પાર્થભાઈ દેસાણી, લવાભાઈ રાદડીયા, બાબુભાઈ ગોપાણી, અનકભાઈ વાળા, હુસેનભાઈ હૈદર વગરે બગસરા તાલુકા ભરના ખેડૂતો આવ્યા હતા.

આમ તા. ૦૩/૧૧/૨૦૨૫ થી અમરેલી જિલ્લામાં ખેતી બચાવો સત્યાગ્રહના મંડાણ કરવામાં આવેલ છે અને અમરેલી જિલ્લાનાં દરેક તાલુકાઓમાં જલ્દ કાર્યકમ અને ધરણા અમરેલી જિલ્લા કોંગ્રેસ તેમજ દરેક તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવશે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૩૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૩૦૦ | ૧૫૩૭ |
| ૨ | કપાસ કોડી | ૮૦૧ | ૧૧૧૧ |
| ૩ | મગફળી | ૮૦૫ | ૧૦૫૬ |
| ૪ | ઘઉં | ૫૦૫ | ૫૪૩ |
| ૫ | ચણા | ૮૦૧ | ૧૦૨૬ |
| ૬ | છોલે ચણા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| ૭ | મગ | ૯૬૦ | ૧૫૫૧ |
| ૮ | અડદ | ૯૦૦ | ૧૦૮૧ |
| ૯ | તલ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૪૦ | ૧૧૧૧ |
| ૧૧ | સોયાબીન | ૫૫૦ | ૮૪૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૨૫ | ૧૨૦૭ |
| ૨ | શીંગ મોટી | ૮૫૦ | ૧૧૬૭ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૬૭ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૪૩૮૦ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૩૭૫૦ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૧ | ૬૦૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૧૩ |
| ૯ | બાજરો | ૨૮૦ | ૫૨૧ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૯૧૫ |
| ૧૧ | મકાઈ | ૩૯૦ | ૫૩૫ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૧૨૪૦ |
| ૧૫ | ધાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| ૧૬ | સોયાબીન | ૮૫૦ | ૮૯૦ |

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલામાંથી થોડા દિવસ પહેલા ગુમ થયેલ

આરોપી વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

રાજુલા, જુના કડીયાળી રોડ, રેલવે ક્રોસીંગ પહેલા સુરેશભાઈ કરશનભાઈ સભાડીયા નામના ૪૨ આધેડ ગત તા. ૮/૧૦ના સાંજના પોણા સાતેક વાગ્યાની આસપાસ જાફરાબાદ રોડ ઉપર આવેલ ખેતલા આપા ટી–સ્ટોલ નામની દુકાન ખાતેથી ચાર્જીંગ કરવાનુ કહી પોતાની મોટર સાયકલ નં જીજે–ઈ.એમ–૮૪૨૬ વાળી લઈને કયાંક જતા રહી ગુમ થયા અંગે રાજુલા પોલીસમાં તેમનાં નાનાભાઈ દ્વારા જાહેર થવા પામેલ હતું. ત્યારે પોલીસને આજે એક લાશ મળી આવતાં પોલીસને આ લાશ સુરેશભાઈ કરશનભાઈ સભાડીયા હોવાની આશંકા સાથે ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાંથી ગુમ થયેલ વ્યકિતની શોધખોળ દરમિયાન પોલીસને ખાંભા તાલુકાના ખડાધાર ગામના વતની અને હાલ રાજુલા ગામે રહેતા રાજદીપ મજબુતસીંહ રાઠોડ નામના ઈસમ ઉપર શંકાનાં જતાં તેમની આગવી ઢબે પુછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું હતું કે, સુરેશભાઈ કરશનભાઈ સભાડીયાને આરોપીના પત્નિ સાથે આડા સબંધ હોય, જે વાતનુ મનદુઃખ રાખી આરોપીએ સુરેશ સભાડીયાના ઘરે જઈ તેમની સાથે માથાકુટ કરી સુરેશ સભાડીયાનુ ગળુ દબાવી મોત હત્યા કરી નાંખી હતી. અને બાદમાં તેમની લાશને એક બ્લેન્કેટમાં બાંધી ગાસડીવાળી એક મોટર સાયકલમાં બાંધી ખાંભા તાલુકાના ચતુરી ગામના પાટીયાથી પીપળવા ગામ તરફ જવાના રોડે રોડથી થોડે દુર અવાવરૂ જગ્યામાં ખાડામાં નાખી દઈ મારી પુરાવાનો નાશ કર્યાની કબૂલાત કરી આપી હતી.

આરોપીની કબૂલાત બાદ રાજુલા પોલીસ, મામલતદાર સહિતનો કાફલો પીપળવા પહોંચ્યો હતો. અને આરોપીએ બતાવેલી જગ્યાએથી પોટલું બાંધેલી હાલતમાં લાશ મળી આવી હતી, જેને બહાર કાઢી ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ માટે ભાવનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. રાજુલા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૩૮૦ | ૧૫૫૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૯૩૦ | ૧૧૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૦૦૦ |
| ૫ | તલ કાળા | ૨૬૩૦ | ૩૪૫૦ |
| ૬ | જીરૂ | ૨૮૮૦ | ૩૬૫૦ |
| ૭ | ઘઉં | ૪૭૬ | ૫૩૪ |
| ૮ | અડદ | ૯૯૫ | ૧૧૫૦ |
| ૯ | મગ | ૧૨૯૦ | ૧૪૭૦ |
| ૧૦ | સોયાબીન | ૭૮૦ | ૮૩૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૭૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૭૬ |
| ૪ | ચણા સફેદ | ૧૦૪૫ | ૧૦૭૦ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૭૯ |
| ૬ | તુવેર | ૧૧૫૫ | ૧૧૭૦ |
| ૭ | ધાણા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૮ | અડદ | ૭૪૦ | ૧૧૮૦ |
| ૯ | સોયાબીન | ૭૦૦ | ૮૫૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૬૦ |
| ૧૧ | તલ કાળા | ૨૮૦૫ | ૨૮૧૫ |
| ૧૨ | શીંગફાડા | ૧૦૧૦ | ૧૦૫૫ |
| ૧૩ | મગફળી | ૬૫૫ | ૧૦૦૧ |
| ૧૪ | મગ | ૯૪૦ | ૯૫૦ |
| ૧૫ | લસણ | ૩૬૫ | ૬૫૦ |
| ૧૬ | રજકા બી | ૭૪૦૦ | ૭૫૦૦ |
| ૧૭ | કાંગ | ૩૫૦ | ૩૬૦ |

## પાના ૮ ઉપરનું ચાલું ચેક ડેમમાં પડી જવાથી મોત

પાણીમાં ડૂબ્યો હતો. ત્યારે ઘટનાની જાણ થતાં ખાંભા મામલતદાર , પોલીસ, સરપંચ,તલાટી મંત્રી સહિત તંત્ર ઘટના સ્થળે પહોચ્યુંહતું. બાદ સ્થાનિક ગામજનો પણ મદદે દોડયા હતા તેમજ સ્થાનિક તરવયાની મદદથી યુવકની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બાદ સ્થાનિક તળ વયાને ત્રણ કલાકની જેહમત બાદ ચિરાગ કાનાભાઈ અદગામાં (ઉ.વ ૧૫) યુવકની ડેડબોડી મળી આવી હતી. બાદ યુવકને પી.એમ અર્થ ખાંભા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાય હતી.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરા : માર્કેટયાર્ડમાં

પુષ્કળ પ્રમાણમાં કપાસની આવક થવા પામશે પણ ખુબજ સામાન્ય કહી શકાય તેવી સીઝનમાં આઠથી દસ હજાર મણની આવક થવા પામી હતી.

હાલ કમોસમી વરસાદના કારણે મગફળીની સાથે કપાસને પણ ભારે નુકસાન થયું છે જે ઉતારો દિવાળી બાદ આવવા નો હતો તે માવઠામાં નુકસાન પામતા ખેડૂતોને હાથમાં કહી લાગ્યું નહિ ખેડૂતો દ્વારા જણાવ્યુંહતું. હાલ વાતાવરણ હજુ વાદળછાયું હોવાથી ખેડૂતો તેમજ વેપારીઓ પોતાના કપાસ યાર્ડમાં આવેલ શેડમાં રાખે છે બહાર ખુલ્લામાં નહિ રાખવા યાર્ડ દ્વારા અનુરોધ કર્યો છે જેના કારણે યાર્ડમાં આવેલ શેડમાં કપાસના ઢગલા જોવા મળી રહ્યા હતા.

## સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં મગફળી ૧૦ હજાર મણ જયારે કપાસની ૬ મણ આવક

સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા શહેરમાં આવેલ માર્કેટ યાર્ડમાં મગફળી અને કપાસની આવક અને ભાવ આ મુજબ રહ્યા હતાં. મગફળી ૧૦૦૦૦ મણ સાથે શિંગ જીણી નીચો ભાવ પ્રતિમણ ૮૨૫ ઊંચો ભાવ પ્રતિમણ ૧૨૦૭ રાશ ભાવ પ્રતિમણ ૧૦૭૫ જયારે શિંગ મોટી નીચો ભાવ પ્રતિમણ ૮૫૦ ઊંચો ભાવ પ્રતિમણ ૧૧૬૭ રાશ ભાવ પ્રતિમણ ૧૦૫૦ રહ્યો હતો. તો કપાસની કુલ આવક ૬૦૦૦ મણ નીચો ભાવ પ્રતિમણ ૧૪૦૦ ઊંચો ભાવ પ્રતિમણ ૧૫૬૦ રાશ ભાવ પ્રતિમણ ૧૪૭૦ રહ્યા હતા. આમ કમોસમી વરસાદ પછી યાર્ડમાં કપાસ અને મગફળીની આવક ચાલુ થઈ ગઈ છે. જોકે આ કૃષિ જણસ કદાચ કમોસમી વરસાદ પહેલા એકઠી કરેલી હોય શકે.

**વડીયાના મહે.પ્રિન્સીપાલ સિવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. વડીયા, જી. અમરેલી**

**દિવાની પરચૂરણ અરજી નં.૦૪/૨૦૨૫**
મુદત તારીખ : ૦૧/૧૨/૨૦૨૫

**અરજદાર :** સ્વર્ગસ્થ નાનજીભાઈ વિઠ્ઠલભાઈ હિંગુ તથા સ્વર્ગસ્થ પત્ની માણેકબેન નાનજીભાઈ હિંગુના હયાત વારસદાર પુત્રી–દરજી કૈલાસબેન ડો/ઓ નાનજીભાઈ હિંગુ, રહે. દેવગામ, તા. વડીયા, જિ. અમરેલી હાલ રહે. અમરેલી, હનુમાનપરા સત્યનારાયણ સોસાયટી – ૨

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :–** કોઈ નહીં

**જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને આ જાહેર નોટિસથી જણાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ અરજદારે તેમના વિ.વકીલશ્રી એલ.એમ. દેવમુરારી મારફતે ઉપરોકત નંબરની દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે તથા તે અરજીમાં જણાવેલ છે કે સ્વ. માણેકબેન નાનજીભાઈ હિંગુનુ અવસાન તા. ૧૩/૧૧/૨૦૨૪ ના રોજ થયેલ છે અને અરજદારની અરજીમાં જણાવેલ રહેણાંક મકાન કે જે **અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના દેવગામ** મુકામે ગામતળમાં આવેલ છે અને જે રહેણાંક **મકાનના ઘર નં. ૭૯૯ છે** તે મેળવવા માટે **અરજદારે ઈન્ડીયન સકસેશન એકટ અન્વયે વારસાઈ સર્ટીફીકેટ વિકલ્પે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન મેળવવા** અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.

સદરહુ અરજ સંબંધી લાગત વળગતા કોઈપણ ઈસમને વાંધો, તકરાર હોય તો તેમણે પ્રિન્સિપાલ સીવીલ કોર્ટ–વડીયા, જી. અમરેલી મુકામે આ **મુ.તા. ૦૧/૧૨/૨૦૨૫**માં સવારના **૧૦:૩૦** કલાકે જાતે યા તમારા યોગ્ય રીતે માહિતગાર કરેલા મુખ્યત્યાર વકીલ મારફતે જરૂરી આધાર પુરાવા સાથે હાજર રહેશો. તેમ કરવામાં કસુર થશે તો તમારી ગેરહાજરીમાં આગળની ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા.**30/10/2025ના** રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરીને આપ્યુ.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (કે.બી.સોલંકી) | (એન.વી. કટકીયા) | સિક્કો | (વાય.બી.ડોડીયા) |
| આસીસ્ટન્ટ | ઈ.ચા.સુપ્રિ. | | રજીસ્ટ્રાર |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૪૦૦ | ૯૬૫ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ૩ | કપાસ | ૧૦૪૦ | ૧૫૪૪ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૫૧૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૬૦૧ |
| ૬ | જુવાર | ૫૨૫ | ૯૬૦ |
| ૭ | અડદ | ૯૦૦ | ૧૦૫૫ |
| ૮ | તુવેર | ૧૨૩૬ | ૧૨૩૬ |
| ૯ | ચણા | ૯૦૦ | ૧૧૨૩ |
| ૧૦ | મેથી | ૧૦૭૬ | ૧૦૭૬ |

# બાબરામાં તાપડીયા આશ્રમમાં પૂજય મંહત શ્રી ઘનશ્યામદાસબાપુની ઉપસ્થિતિમાં તુલસી વિવાહની ઉજવણી કરાઈ





બાબરામાં જુના તાપડીયા આશ્રમ યુવક મંડળ ધ્વારા તુલસિવિવાહનું ભવ્ય અને દિવ્ય આયોજન અહીં તાપડીયા આશ્રમ ખાતે પૂજય મહંત ઘનશ્યામદાસબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો અને સેવક સમુદાય ભગવાન શ્રી કૃષ્ણ અને તુલસીમાતાના વિવાહના સાક્ષી બની ધન્યતાની લાગણી અનુભવી હતી. અહીં જુના તાપડીયા આશ્રમ યુવક મંડળ ધ્વારા સાંજે અહીં કાંકરિયા ચોરાથી ભગવાન શ્રી કૃષ્ણની ઝાઝેરી જાન જોડી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો પરિવાર સાથે ભગવાન શ્રી કૃષ્ણ સહિત ગોવાળિયાની વેશભૂષા સાથે જોડાયા હતા. જય કનૈયાલાલના જય ઘોષ સાથે વાજતે ગાજતે ઠાકોરજીની જાન માતા તુલસીને પરણવા તાપડીયા આશ્રમ ખાતે પહોંચી હતી. અહીં વિધિ વિધાન સાથે ભગવાનના અલૌકિક વિવાહ યોજાયા હતા.

### તેજસ્વી તારલાઓ, નવનિયુકત કર્મીઓ અને વિશેષ સિધ્ધિ મેળવનારનુ સન્માન

## અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી મંડળ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

### શિક્ષિત બેરોજગારને નોકરી ન મળે તો ધંધા વેપારમાં આગળ વધવા અનુરોધ થયો



અમરેલી, તા. ૩

સારસ્વત કોળી સમાજમાં શિક્ષણને ઉજાગર કરવા તેમજ વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવા નવનિયુકત કર્મચારી તેમજ વિશેષ સિધ્ધિ હાંસલ કરનારાઓની અમરેલી જીલ્લા સારસ્વત કોળી કર્મચારી મંડળ દ્વારા અમરેલીમાં ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

અમરેલીના આંગણે અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી શરાફી સહકારી મંડળી દ્વારા સમાજના તેજસ્વી તારલાઓ સરકારમાં નવ નિયુકત પામેલા કર્મીઓ તેમજ વિશેષ સિધ્ધિ હાંસલ કરનારાઓનું પ્રાંત અધિકારી મેહુલ નાકિયા જિલ્લા રજીસ્ટાર સંદીપ અણિયાળાની ખાસ ઉપસ્થિતમાં શિક્ષિત બેરોજગારોએ સરકારી નોકરી ન મળે તો નાસીપાશ થયા વગર અન્ય ધંધા રોજગારીમાં આગળ આવવું અને હાલના સમય અનુરૂપ સાર્થક હોવાનું વાલીઓને જણાવેલ હતું.

આ ભવ્ય ત્રિવિધ કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ વાલીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. તમામ તેજસ્વી તારલાઓ નવ નિયુકત કર્મીઓ તેમજ વિશેષ સિધ્ધિ હાંસલ કરનારાઓને તેમજ માર્કશીટ આપનારા સહિત ૧૧૦ને દાતા હિલ્ટોન ઈન્ફોટેકના શશીકાંત સોલંકી દ્વારા ઈનામો આપવામાં આવેલ હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મંડળીના પ્રમુખ પ્રવીણ બારૈયા, ધ્રુવેશ મકવાણા, આશિષભાઈ મકવાણા, કૈલાશબેન મકવાણા, ધનજીભાઈ ડાભી, યોગેશ મકવાણા સહિતની કારોબારી ટીમ તેમજ હિલ્ટોન ગ્રુપ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલ હતી. કાર્યક્રમનું સંચાલન જયેશ જીંજરિયા દ્વારા કરવામાં આવેલ હતું.

## જીરા ગામે સંતોકબા ભવનનો લોકાર્પણ સમારોહ યોજાયો



સાવરકુંડલા, તા. ૩

સમસ્ત જીરા ગામ પરિવાર આયોજિત સંતોકબા ભવનનો લોકાર્પણ સમારોહ યોજાયો. તુલસી વિવાહના પવિત્ર અને પાવન પર્વ પર આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, મંત્રી કૌશિકભાઈ વેકરીયા, પરશોતમભાઈ રૂપાલા સમેત અનેક મહાનુભાવો તેમજ વતન પ્રેમી બાબુભાઈ જીરાવાળા સમેત અનેક વતન પ્રેમી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જીરા ગામના સંતુલિત વિકાસ માટે દાતાઓના સહયોગથી આ એક ઉત્તમ કાર્ય સંપન્ન થયું.

## શાખાનાં પુષ્પો

સ્વામી વિવેકાનંદ પશ્ચિમી દેશોમાં ભારતીય સંસ્કૃતિની વિજય પતાકા ફરકાવી ભારત પરત આવ્યા ત્યારે ત્યાં ખૂબ મોટી સંખ્યામાં દેશવાસીઓ તેમના સ્વાગત અને દર્શનની રાહ જોઈ રહ્યા હતાં. બોટ કિનારે આવતા જ ગગનભેદી નાદ સાથે સ્વામીજીનું સ્વાગત કરાયું. સ્વામીજીએ બોટમાંથી ભારતની ભૂમિ પર પગ મૂકતાની સાથે જ ભૂમિને સાષ્ટાંગ દંડવત કરી અને ભૂમિની ધૂળ ને સમગ્ર શરીર પર ચોળવા લાગ્યા. ત્યાં ઉભેલા લોકો આ દ્રશ્ય જોઈ આશ્ચર્યચકિત થયા. કોઈ કે આ કૃત્ય વિશે સ્વામી વિવેકાનંદને પુછતાં તેણે ઉત્તર આપ્યો કે, મારૂ શરીર આટલો લાંબો સમય પાશ્ચાત્ય જડવાદી દેશની હવાથી દૂષિત થઈ ગયું છે. આ પવિત્ર ભૂમિની ધૂળ ચોળીને હું એને શુદ્ધ કરૂં છું.

**સોડમ :** ભારતની ભૂમિનો એક એક કણ પવિત્રતાથી ભરેલો છે એટલે જ કહેવાય છે : ભારતનો કણ કણ શંકર છે.

સૌજન્ય : **શ્રી અર્જુન ગઢિયા**
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો

### તાલુકા અને જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ સરપંચ જાહેર થતા

## અરે વાહ : દેવભૂમિદેવળીયાના સરપંચને રૂપિયા ૧.૨૫ લાખનો પુરસ્કાર અપાશે

### જિલ્લામાં કુલ રૂપિયા ૨.૭૫ પુરસ્કારરૂપે અપાશે

અમરેલી, તા.૩

અમરેલીનાં દેવભૂમિ દેવળીયા ગામનો મહિલા સરપંચ તાલુકા અને જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ સરપંચ પુરસ્કારમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ રૂપિયા ૧.૨૫ લાખ પુરસ્કારરૂપે આપવામાં આવશે.

અમરેલી તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ સરપંચ પુરસ્કારરૂપે ૨૫ હજાર અને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ સરપંચ પુરસ્કારરૂપે ૧ લાખનો પુરસ્કાર મળશે.

## ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વ રોગ કેમ્પ યોજાશે

ચલાલા, તા. ૩

વિવિધ સેવાકીય કર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૨/૧૧/૨૦૨૫ બુધવારના રોજ ૨૮૪મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

કલ્પેન અશોકભાઈની યાદમાં હસ્તે અશોકભાઈ લીલાવંતીબેન રાજાણીના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિના મુલ્યે કરવામાં આવશે. હરસ, મસા, સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વીનામુલ્યે આપવામાં આવશે. ઉપરોક્ત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ કેમ્પ યોજાય છે. કેમ્પમાં ઉપરોક્ત તમામ સારવાર વિના મુલ્યે મળશે. તો ચલાલા અને આજુબાજુના ગામો માંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પૂ. સંત ડો. રતિદાદા એ જણાવાયું છે.

## સાવરકુંડલા : શ્રી મહાત્મા મુળદાસજીનો ૩૫૧મો જયંતી મહોત્સવ ઉજવાયો



સાવરકુંડલા, તા. ૩

યુગાબ્ધ ૫૧૨૭ વિક્રમ સવંત ૨૦૮૨ કારતક સુદ ૧૧ તા. ૨/૧૧/૨૦૨૫ રવિવારના રોજ સાવરકુંડલા સમસ્ત લુહાર સમાજ તેમજ મુળદાસ યુવક મંડળ દ્વારા લુહાર કુળ ભૂષણ સંત શ્રી મહાત્મા મુળદાસજીની ૩૫૧ની જન્મ જયંતી ભાવપૂર્વક ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે સંત શ્રી મહાત્મા મુળદાસજીનું પૂજન. ધજારોહણ. તેમજ આરતી. હર્ષ ઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. પૂજન વિધિમાં કેશુભાઈ નારણભાઈ મકવાણા પરિવારમાંથી પ્રફુલાબેન તથા મહેશભાઈ કેશુભાઈ મકવાણા પૂજય શ્રી મુળદાસ બાપાની પૂજન વિધિનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. તેમજ આ માંગલિક પ્રસંગે જ્ઞાતિના વડીલ. જ્ઞાતિ પ્રમુખ કારોબારી કમિટી. તેમજ જ્ઞાતિમાં ચાલતા દરેક મંડળ સહિત સમસ્ત લુહાર પરિવાર સહભાગી બની પૂજય શ્રી મુળદાસ બાપાના પૂજન અર્ચનનો લાભ લીધો હતો.

### પોલીસ અધિકારીએ જ ઉડાવ્યા દારૂબંધીના ધજાગરા

## નારોલ ટ્રાફિક પોલીસ ચોકીમાંથી પકડાયા દારૂડિયા પીએસઆઈ

### મામલામાં નારોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં દારૂબંધીને લીરેલીરા ઉડતા જોવા મળ્યા છે. અમદાવાદ ટ્રાફિક પીએસઆઈ દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા હતા. નારોલ ટ્રાફિક ચોકી પરથી દારૂ પીધેલી હાલતમાં લોકોએ પીએસઆઈને ઝડપ્યા હતા. નારોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પીએસઆઈ જયેન્દ્રસિંહ વીરપુરા સામે કાર્યવાહી કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ નારોલ ચાર રસ્તા ખાતે નારોલ ટ્રાફિક બીટના PSI જયેન્દ્રસિંહ ગિરવતસિંહ વીરપુરા દારૂ પીતા ઝડપાયા છે. ગઈ રાત્રિએ નારોલ પોલીસને કન્ટ્રોલ રૂમ પર એક મેસેજ મળ્યો હતો કે, નારોલ બ્રિજ નીચે આવેલ કે ટ્રાફિક પોલીસ સ્ટેશનની નારોલ બીટ ટ્રાફિકની ચોકીમાં PSI જયેન્દ્રસિંહ ગિરવતસિંહ વીરપુરા દારૂ પીય રહ્યા છે. આ મેસેજ મળતાની સાથે જ નારોલ પોલીસની એક ટીમ તપાસ માટે પહોંચી હતી. જેમાં પ્રાથમિક તપાસમાં PSI જયેન્દ્રસિંહ ગિરવતસિંહ વીરપુરા નશાની હાલતમાં હોવાનું જણાયું હતું. પોલીસે પહેલા મેડિકલ ટેસ્ટ કરાવીને કાયદેસર નીકાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલ નારોલ પોલીસે PSI જયેન્દ્રસિંહ ગિરવતસિંહ વીરપુરાની ધરપકડ કરી જામીન પર મુક્ત કર્યા છે. ટ્રાફિક વિભાગ દ્વારા પર નારોલ ટ્રાફિક બીટ ના PSI જયેન્દ્રસિંહ ગિરવતસિંહ વીરપુરા સામે ખાતાકીય તપાસ કરી શકે છે ત્યારે આ દારૂ ક્યાંથી લાવ્યા તેને લઈ ને પણ નારોલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## દેશના કૃષિ ક્ષેત્રે બદલતાં પરિપેક્ષમાં ભાગીયાનું ખુબ મોટું યોગદાન છે

સાવરકુંડલા, તા. ૩

ખેતીમાં ''ભાગિયા'' એટલે શું? સરકારી રાહતમાં ''ભાગિયાઓના'' ભાગ'' ખરા ?ખેતીમાં આજે ''છેવાડાના માણસ'' તરીકે ''ભાગીયા'' કે ''ખેડૂત'' ? (જમીન માલિક) ''ભાગીયા'' અહીંના ''મતદારો'' નહીં હોય એટલે તેમનું '' હિતરક્ષણ'' રાજકીય પક્ષો/ નેતાઓ કરશે ખરા ?ખરેખર ''ભાગીયાઓને'' કારણે જ સૌરાષ્ટ્રની ખેતી ટકી રહી છે. એ સાચું છે ? સૌરાષ્ટ્રના ખેડૂતો તો માત્ર ''જમીનદાર'' કે ''રોકાણકાર''ની ભૂમિકા જ ભજવે છે. શું એ સાચું છે ? જંગલી જનાવરો જેમના સંતાનોને કાચે કાચા ખાઈ ગયા તે '' ભાગીયા'' કે ''ખેડૂતોના'' સંતાનો ? શું '' ભાગીયાને'' રોજે રોજ મજૂરી ચૂકવાઈ છે ? આજે ધોવાણ થયેલ પાકની મજૂરી '' ભાગીયા'' ચૂકવાઈ ગઈ હશે ? બોલો લ્યો ? આવું વિચાર્યુ હશે / છે ? કોઈ એ ? મને આવું પૂછવા વાળા મળ્યા ! બોલો. ખેડૂતો હારોહાર ''ભાગીયાઓનું'' હિત રક્ષણ નહીં કરાય તો ''દૂરગામી અસરો પડશે'' ?પછી ગોતવા ગયે ''ભાગિયા''/ ''ખેત મજૂરો'' મળશે નહીં. અને ''મૂકી દીધી'' આનાથી ખેતી હવે થાશે નહીં.સા.કુ.નાજ એક ગામમાં તો ગામની વસ્તી કરતા વધુ ' 'ભાગીયા'' (પર પ્રાંતીય મજૂરો)ની વસ્તી હોવાનું મીડિયામાં આવેલ.પોલીસે તેમનું નામાંકન વગેરે પણ કરેલ ! મીડિયા રિપોર્ટ.આ સંજોગોમાં ખેડૂત હિત રક્ષણ સાથે ''ભાગીયા'' હિત રક્ષણ કરવું જરૂરી ખરૂ ? આમાં મને તો ક્યાંય ''ટપ્પા'' પડે નહીં. કે તા હો તો હું તો જાણ કરી દઉં ! —

**બિપીનભાઈ પાંધી હર્ષદભાઈ જોશી.**

# મહિલાએ ઘરકામ સાથે બિઝનેસનું સામ્રાજય ફેલાવ્યું, સાબુ અને શેમ્પૂ બનાવી વેચે, મહિને ૧.૭૦ લાખની આવક






બગસરા તાલુકાના રફાળા ગામના પંચશીલાબેન વેકરિયા આજે ગ્રામીણ સ્તરે મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બની છે. ૧૨મા ધોરણ સુધી અભ્યાસ કરનાર પંચશીલાબેને ચાર વર્ષ પહેલાં પોતાના ઘરેથી એક નાનો ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો હતો, જે આજે લાખો રૂપિયાની આવક આપી રહ્યો છે. ખેતી અને ઘરકામની સાથે તેમણે સાબુ, શેમ્પૂ, હેર ઓઈલ અને ફેસપેક જેવી વિવિધ પ્રોડકટ બનાવવાની શરૂઆત કરી હતી. તેઓ હાલમાં ૩૫ થી વધુ ફલેવરના સાબુ બનાવે છે, જેમાં લીમડો, જાસૂદ, સ્ટ્રોબેરી, બટાકા, ચંદન અને સુખડ જેવા અનેક કુદરતી ઘટકોનો સમાવેશ થાય છે. દરેક સાબુનો ભાવ ૪૦ રૂપિયા છે અને આ પ્રોડક્ટ સમગ્ર ગુજરાત તેમજ હૈદરાબાદમાં વેચાય છે. દરેક સાબુને પેક કરીને ઓર્ડર મુજબ મોકલવામાં આવે છે. તેમની બનાવેલી હેર ઓઈલ અને શેમ્પૂ ખૂબ લોકપ્રિય થયા છે. જાસૂદ અને અરીઠાથી બનેલા શેમ્પૂની ૨૦૦ મિલી બોટલનો ભાવ ૨૦૦ રૂપિયા છે, જયારે હેર ઓઈલનો ભાવ પણ ૨૦૦ રૂપિયા પ્રતિ ૨૦૦ મિલી રાખવામાં આવ્યો છે. ગુણવત્તા અને કુદરતી ઘટકોના કારણે આ પ્રોડક્ટની માંગ સતત વધતી રહી છે. આજે પંચશીલાબેન મહિને સરેરાશ ૧,૭૦,૦૦૦ રૂપિયાની આવક કરે છે. તેમણે પોતાના ઉદ્યોગમાં ગામની અન્ય પાંચ મહિલાઓને રોજગારી આપી છે, જેથી સ્થાનિક સ્તરે સ્વરોજગારની ભાવના વધારવામાં મદદ મળી છે. ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને માધ્યમથી વેચાણ થાય છે. તેઓ કહે છે કે, ''મહિલા જો ઈચ્છે તો ઘરકામની સાથે ઉદ્યોગ પણ ચલાવી શકે. શરૂઆત નાની હતી, પરંતુ હિંમત અને મહેનતે જ સફળતા અપાવી.'' રફાળા ગામની આ મહેનતુ મહિલાએ સાબિત કર્યુ છે કે સંકલ્પ અને આત્મવિસથી ગામની સ્ત્રી પણ ઉદ્યોગ જગતમાં મોટું સ્થાન મેળવી શકે છે. આજના દિવસમાં પંચશીલાબેનનો ઉદ્યોગ માત્ર કમાણીનું સાધન નહીં, પરંતુ અન્ય મહિલાઓ માટે પ્રેરણાદાયી સફર બન્યો છે.

કેરેલાના ડોકટરશ્રી દ્વારા આયુર્વેદિક થી સારવાર અને ઓપરેશન આયુર્વેદિક વિભાગ
હરસ-મસા-ભગંદર કે ફિસરની આયુર્વેદ ક્ષારસુત્ર થી સારવાર આયુર્વેદિક શસ્ત્રકર્મ સારવાર શલ્ય વિભાગ
મોટા આંતરડાનો અંતિમ ભાગ મળાશય તરીકે ઓળખાય છે. આ મળમાર્ગ (Ano-Rectal) ના રોગનાં સામાન્ય લક્ષણો આ પ્રમાણે છે.
❖ મળત્યાગ વખતે મળમાર્ગમાં દુ:ખાવો, બળતરા અથવા રકતસ્ત્રાવ થવો ❖ સંડાસ જતી વખતે ભાગ બહાર નીકળવો ❖ કાયમી કબજીયાત, ગેસટ્રબલ, અપચો રહેવો ❖ બેસવામાં તકલીફ થવી, મળમાર્ગમાં ખંજવાળ આવવી, રસી નીકળવી, ચીકાસ આવવી કે ભીનું લાગવું
❖ વારંવાર મળમાર્ગની આસપાસ ફોડકી જેવું થવું ❖ વારંવાર મરડો તથા ઝાડા થવા ❖ ભુખ ન લાગવી, જમ્યા પછી પેટમાં ભારે લાગવું ગેસટ્રબલ રહેવી, કમરમાં દુ:ખાવો રહેવો ❖ મળત્યાગનો કંટ્રોલ ન હોવો ❖ પીડાદાયક મળત્યાગ
❖ મુત્રાશયની પથરી, અલ્પમુત્રતા-ઉનવા, પ્રોસ્ટેટની તકલીફ તથા અન્ય શસ્ત્રક્રિયા સાધ્ય રોગો જેવા કે કપાસી, રસોળી, નાડીવણ, ચરબીની ગાંઠ વગેરેની સર્જીકલ સારવાર



વૈદ્યશ્રી
ડો. અજય કરુન પી.
M.S. (આયુ.)
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદિક હોસ્પિટલ
(ગોળ હોસ્પિટલ) એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯ / ૨૨૮૯૦૪

## રાજયનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાનાં વરદ્‌હસ્તે વિડીયો કોન્ફરન્સથી

# સૌરાષ્ટ્ર શરાફી મંડળી દ્વારા ૯ શાખાનાં સભાસદોને ઓનલાઈન ડિવિડન્ડનું વિતરણ

**મંડળીની ૯ શાખાનાં સભાસદોને રૂપિયા ર૭.૬૫ લાખથી વધુની રકમનું ડિવિડન્ડ વિતરણ**

**સૌરાષ્ટ્ર શરાફી મંડળીએ રાજયની ૬૩૦૦થી વધુ મંડળીઓમાંથી શ્રેષ્ઠ એવોર્ડ પ્રાપ્ત કર્યો**

**સૌરાષ્ટ્ર શરાફી મંડળી સહકારથી સમૃદ્ધિ અભિયાનને આગળ વધારવા મક્કમ**

**શરાફી મંડળીનાં ચેરમેન અનિલ વેકરિયા મંડળીનાં સભાસદોને આર્થિક જરૂરિયાત પુરી પાડવા સક્ષમ**



અમરેલી, તા. ૩
સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળી લી. બગસરાની હેડ ઓફિસ દ્વારા મંડળીની સામાન્ય સભા બાદ આજરોજ ગુજરાત રાજય સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ હસ્તે વિડિઓ કોન્ફરેન્સથી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની નવ બ્રાન્ચોમા એકીસાથે વર્ષ ર૪/ર૫નું ડિવિડન્ડ રૂ.ર૭ લાખ ૬૫ હજારથી વધુ રકમનું સભાસદોને ડિવિડન્ડ વિતરણ કરવામાં આવ્યું હતું આ તકે મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરીયા દ્વારા જણાવ્યું હતું કે ગુજરાત રાજયની ૬૩૦૦થી વધુ

અનુસંધાન પાના ૬ ઉપર

## પશુઓને પાણી પીવરાવવા જતા બનાવ બન્યો

# અરેરાટી : ખાંભાનાં ભાડ ગામનાં સગીરનું ચેક ડેમમાં પડી જવાથી મોત

**મામલતદાર સહિત સૌ કોઈ બનાવનાં સ્થળે દોડી ગયા**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૩
ખાંભા તાલુકાના ભાડ ગામે છાપરડા ડુંગર નજીક ખોડિયાર ચેકડેમમાં ભાડ ગામનો યુવક પશુઓને પાણી પાવા ગયો હતો. પગ લપસી જતાં યુવક ડેમના

અનુસંધાન પાના ૬ ઉપર

## કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી હોય તે સમયે

# બાબરા : માર્કેટયાર્ડમાં એક અઠવાડીયાની રજા બાદ કપાસની ધીમી અને ધીંગી આવક જોવા મળી

**૮ થી ૧૦ હજાર મણની આવક સાથે ૧૩૫૦ થી ૧૫૫૫ ભાવ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩
બાબરા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદના કારણે યાર્ડ અચોક્કસ સુધી બંધ રાખવાની જાહેરાત કરી ખેડૂતોને ખેત જણસ નહિ લાવવા જણાવ્યું હતું ત્યારે બાબરા યાર્ડમાં પણ માવઠાના કારણે એક અઠવાડિયાથી બંધ હતું વાતાવરણમાં હળવાશ થતા યાર્ડ દ્વારા સોમવારે ખુલવાની જાહેરાત કરવામા આવતા ખેડૂતો કપાસ પ્લાસ્ટિકથી ઢાંકી વાહનમાં લાવ્યા હતા અને હરાજી શરૂ કરવામાં આવી હતી જોકે એક અઠવાડિયાથી યાર્ડ બંધ રહેતા ખૂબ

અનુસંધાન પાના ૬ ઉપર




શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)